

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
ગરવી ગુજરાત

Volume : 18
Issue : 021
Dt.: 29-09-2025,
Monday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# PM મોદીએ તહેવારમાં સ્વદેશી વસ્તુ ખરીદવાની અપીલ કરી

## છઠ પૂજા સૂર્ય દેવને સમર્પિત એક પવિત્ર તહેવાર છે, જે હવે માત્ર દેશ જ નહીં, પરંતુ વૈશ્વિક તહેવાર બની રહ્યો છે : પ્રધાનમંત્રી મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ના ૧૨૬મા એપિસોડમાં દેશને સંબોધન કર્યું. તેમણે ભારતની સાંસ્કૃતિક વારસાને વૈશ્વિક ઓળખ અપાવવા માટેના પ્રયાસો, નારીશક્તિ અને નૌસેનાના પરાક્રમની પ્રશંસા, તેમજ સ્વદેશી ઉત્પાદનો અપનાવવાનો સંદેશ આપ્યો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે રેડિયો કાર્યક્રમ મન કી બાતના ૧૨૬મા એપિસોડથી દેશને સંબોધન કર્યું.

આ દરમિયાન તેમણે દેશની સાંસ્કૃતિક વારસાને વૈશ્વિક ઓળખ અપાવવાની, સ્વદેશી ઉત્પાદનોને અપનાવવાની અને નારી શક્તિ સાથે નૌસેનાના પરાક્રમની પ્રશંસા કરી. પીએમ મોદીએ ભારતની સાંસ્કૃતિક વારસાને વૈશ્વિક મંચ પર લઈ જવાના સંકલ્પ પર વાત કરી. પીએમએ ખુશી વ્યક્ત કરી કે ભારત સરકાર છઠ મહાપર્વને UNESCOની અમૂર્ત સાંસ્કૃતિક વારસા યાદીમાં સામેલ કરવા માટે પ્રયાસ કરી રહી છે.

તેમણે કહ્યું, "જ્યારે છઠ પૂજા UNESCO યાદીમાં સામેલ થશે, ત્યારે દુનિયાના દરેક ખૂણે લોકો તેની ભવ્યતા અને દિવ્યતાનો અનુભવ કરી શકશે."

તેમણે કહ્યું કે, તહેવારો અમારી સંસ્કૃતિને જીવંત રાખે છે. છઠ પૂજા સૂર્ય દેવને સમર્પિત એક પવિત્ર તહેવાર છે, જે હવે માત્ર દેશ જ નહીં, પરંતુ વૈશ્વિક તહેવાર બની રહ્યો છે. પીએમએ આ પણ યાદ અપાવ્યું કે સરકારના આવા જ પ્રયાસોથી થોડા સમય પહેલા કોલકાતાની દુર્ગા પૂજાને પણ UNESCOની યાદીમાં સ્થાન મળ્યું હતું.

પીએમ મોદીએ કોકિલા કંઠ લતા મંગેશકરને તેમની જન્મજયંતી પર ભાવભીની શ્રદ્ધાંજલિ આપી અને સ્વદેશી ને અપનાવવાનું આહ્વાન કર્યું. પીએમએ કહ્યું કે, લતા દીદીના ગીતો માનવીય ભાવનાઓને ઝકઝોર કરનારા છે. તેમના દેશભક્તિ ગીતો પ્રેરણા આપે છે. તેમણે જણાવ્યું કે લતા દીદી દર વર્ષે તેમને રાખડી મોકલવાનું ક્યારેય ભૂલતા નહોતા. પીએમ મોદીએ ૨ ઓક્ટોબર, ગાંધી જયંતીનો ઉલ્લેખ કરતા સ્વદેશી અને ખાદી અપનાવવા પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે, આઝાદી પછી ખાદીનું આકર્ષણ ઓછું થઈ ગયું હતું, પરંતુ છેલ્લા ૧૧ વર્ષમાં તેના વેચાણમાં ઘણો વધારો થયો છે. તેમણે દેશવાસીઓને અપીલ કરી કે તેઓ ૨ ઓક્ટોબરે કંઈક ખાદી ઉત્પાદન ખરીદે અને ગર્વથી કહે કે આ સ્વદેશી છે. સાથે જ #Vocal forLocal સાથે સોશિયલ મીડિયા પર તેને શેર પણ કરે.



# ચાંદી એક દિવસમાં રૂ.૫૦૦૦ના ઉછાળા સાથે નવી રેકોર્ડ ટોચે: સોનું પણ ઓલટાઈમ હાઈ

## વિશ્વબજારમાં ડોલર ઈન્ડેક્સ ઘટતાં વૈશ્વિક સોનામાં ફંડોની લેવાલી ફરી વધ્યાના નિર્દેશો હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ફેડ રિઝર્વ દ્વારા વ્યાજના દરોમાં ઘટાડાના પગલે કિંમતી ધાતુમાં પુરબહાર તેજી આવી છે. સોના અને ચાંદીમાં સતત અધધ ઉછાળો જોવા મળી રહ્યો છે. તેમાં પણ ગઈકાલે શનિવારે સ્થાનિક બજારમાં ચાંદીની કિંમત રૂ. ૫૦૦૦ના આકર્ષક ઉછાળા સાથે રૂ. ૧,૪૫,૦૦૦ પ્રતિ કિગ્રાના રેકોર્ડ ટોચે પહોંચી હતી. જ્યારે સોનાનો ભાવ ગઈકાલે રૂ. ૫૦૦ વધી રૂ. ૧,૧૮,૨૦૦ પ્રતિ ૧૦ ગ્રામ થયો હતો. વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશના ૩૭૫૧થી ૩૭૫૨ ડોલર વધી હાઈમાં ભાવ ૩૭૮૨થી ૩૭૮૩ થઈ છેલ્લે ભાવ સપ્તાહના અંતે ૩૭૫૯થી ૩૭૬૦ ડોલર રહ્યાના સમાચાર મળ્યા હતા. વિશ્વબજારમાં ડોલર ઈન્ડેક્સ ઘટતાં વૈશ્વિક સોનામાં ફંડોની લેવાલી ફરી વધ્યાના નિર્દેશો હતા. વિશ્વબજાર વધતાં ઘરઆંગણે કિંમતી ધાતુઓની ઈમ્પોર્ટ કોસ્ટ ઉંચી જતાં દેશના ઝવેરીબજારોમાં ઐતિહાસિક તેજી જોવા મળી હતી. દરમિયાન અમદાવાદ ઝવેરીબજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના વધુ રૂ.૫૦૦ વધી ૯૯૫ના ભાવ રૂ.૧૧૭૯૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૧૮૨૦૦ બોલાયા હતા. જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના ઝડપી રૂ.૫૦૦૦ ઉછળી રૂ.૧૪૫૦૦૦ બોલાતાં ખેલાડીઓ સ્તબ્ધ બની ગયા હતા. અમેરિકામાં મોંઘવારી અપેક્ષિત લક્ષ્યાંક કરતાં વધુ નોંધાતાં ફેડ રિઝર્વ દ્વારા વ્યાજના દરોમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આ ઘટાડા બાદ કિંમતી ધાતુમાં તેજી જ તેજી છે. વૈશ્વિક અને સ્થાનિક બજારોમાં સોના અને ચાંદી દરરોજે નવી રેકોર્ડ ટોચ બનાવી રહ્યા છે. વિશ્વ બજારમાં ચાંદીના ભાવ ઔંશના ૪૫.૧૩થી ૪૭.૧૪ વાળા વધી ઉંચામાં ભાવ ૪૬ ડોલરની સપાટી પાર કરી ૪૬.૬૨થી ૪૬.૬૩ સુધી ઉછળી છેલ્લે ભાવ ૪૬.૦૮થી ૪૬.૦૯ ડોલર રહ્યા હતા. દરમિયાન, અમેરિકામાં ફુગાવાનો દર અપેક્ષા મુજબ આવતાં ત્યાં હવે ઓક્ટોબર તથા ડિસેમ્બરમાં મળનારી ફેડરલ રિઝર્વની મિટિંગમાં વ્યાજના દરમાં વધુ ઘટાડો થવાની અપેક્ષા વચ્ચે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ઘટાડા પર રહ્યો હતો. ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ ૦.૩૮ ટકા ઘટી નીચામાં ૯૮.૧૩ થઈ છેલ્લે ૯૮.૧૮ રહ્યો હતો. મુંબઈ કરન્સી બજારમાં બંધ બજારે ડોલરના ભાવ રૂ.૮૮.૭૩થી ૮૮.૭૪ આસપાસ શાંત હતા. વિશ્વબજારમાં પ્લેટીનમના ભાવ વધી ૧૨ વર્ષની ટોચે પહોંચ્યા હતા. પ્લેટીનમના ભાવ ઔંશના ૧૫૩૯થી ૧૫૪૦ વાળા વધી ૧૫૮૬ થઈ છેલ્લે ભાવ ૧૫૮૦થી ૧૫૮૧ ડોલર રહ્યા હતા જ્યારે પેલેડીયમના ભાવ ૧૨૫૫થી ૧૨૫૬ વાળા વધી ૧૨૮૫ થઈ છેલ્લે ભાવ ૧૨૬૫થી ૧૨૬૬ ડોલર રહ્યા હતા.મુંબઈ બુલિયન બજારમાં સોનાના ભાવ જીએસટી વગર ૯૯૫ના રૂ.૧૧૨૮૦ વાળા રૂ.૧૧૩૪૦૦ રહ્યા હતા જ્યારે ૯૯૯ના રૂ.૧૧૩૨૬૨ વાળા વધી રૂ.૧૧૩૮૫૦ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૧૩૮૧૦૦ વાળા રૂ.૧૪૨૦૦૦ બોલાયા હતા. મુંબઈ સોના- ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ત્રણ ટકા ઉંચા રહ્યા હતા. દરમિયાન, ભારત દ્વારા રશિયાથી ક્રૂડતેલની આયાતનો અમેરિકા દ્વારા વિરોધ કરાતાં ઈરાન તથા વેનેઝુએલાથી ક્રૂડતેલની આયાત કરવાની છૂટ આપો એવી રજૂઆત ભારતે અમેરિકાને કર્યાના વાવડ મળ્યા હતા.



# સુરક્ષા દળોએ ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો: કુપવાડામાં બે આતંકી ઠાર

## આતંકવાદીઓ કુપવાડાના કેરન સેનકટરમાંથી LoC પાર કરીને ભારતમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ,

જમ્મુ-કાશ્મીરના કુપવાડામાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચેની અથડામણમાં બે આતંકીઓને ઠાર કરવામાં આવ્યા છે. આતંકવાદીઓ ઉત્તર કાશ્મીરના કુપવાડાના કેરન સેનકટરમાંથી LoC પાર કરીને ભારતમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ દરમિયાન સુરક્ષા દળોએ ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવી દીધો છે. આતંકવાદીઓએ સુરક્ષા દળોની ટીમને પર આડેધડ ફાયરિંગ કર્યું હતું, જેમાં સુરક્ષા દળોએ તેમને અટકાવવા જવાબમાં ફાયરિંગ કરતા બે આતંકીઓ ઠાર થયા છે.

રિપોર્ટ મુજબ, બંને આતંકવાદીઓને મૃતદેહ LoC પાસે પડ્યા છે, જેને કબજે લાવમાં આવશે. ત્યારબાદ આતંકવાદીઓની ઓળખ કરવાની કાર્યવાહી શરૂ કરાશે. છેલ્લા આઠ દિવસમાં જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે બીજી વખત અથડામણ થઈ છે. આ પહેલા ૨૦ સપ્ટેમ્બરે ઉધમપુરના દૂદૂ-બસંતગઢના જંગલોમાં અથડામણ થઈ હતી, જેમાં એક જવાન શહી થયા હતા. આ ઉપરાંત SPO સહિત બે પોલીસ કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા હતા. આ પહેલા જમ્મુ-કાશ્મીરમાં ૮ સપ્ટેમ્બરે સુરક્ષા દળોએ કુલગામમાં ઑપરેશન ગુડ્ડર ચલાવ્યું હતું, જેમાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં બે જવાન શહીદ થયા હતા. અથડામણમાં લશ્કર-એ-તૈયબાના બે આતંકવાદીઓ પણ ઠાર થયા હતા. એક આતંકવાદી શોપિયાં નિવાસી આમીર અહમદ ડાર હતો અને બીજો વિદેશી આતંકવાદી રહેમાન હતો.

# યુક્રેનની રાજધાની પર ૬૦૦ ડ્રોન સાથે રશિયાએ કર્યો મોટો હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)કિવ

રશિયાએ રવિવારે વહેલી સવારે યુક્રેનની રાજધાની કિવ પર મોટો હુમલો કર્યો. ૬૦૦ થી વધુ ડ્રોન અને મિસાઈલો છોડવામાં આવ્યા, જેના કારણે સમગ્ર શહેરમાં અરાજકતા ફેલાઈ ગઈ. આ હુમલો લગભગ ૧૨ કલાક સુધી ચાલ્યો અને આને કિવ પરના સૌથી મોટા હુમલાઓમાંનો એક માનવામાં આવે છે.યુક્રેનિયન સૈન્યએ અહેવાલ આપ્યો છે કે, રશિયાએ ૫૯૫ ડ્રોન અને ૪૮ મિસાઈલો છોડ્યા, જેમાંથી ૫૬૮ ડ્રોન અને ૪૩ મિસાઈલો તોડી પાડવામાં આવી. રાજધાની અને અન્ય વિસ્તારોમાં નુકસાન થયું. હુમલામાં ચાર લોકો માર્યા ગયા અને ૬૭થી વધુ લોકો ઘાયલ થયા. મૃતકોમાં ૧૨ વર્ષની એક છોકરી હોવાની આશંકા છે. હુમલાને કારણે પડોશી પોલેન્ડને પણ હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું હતું, તેના દક્ષિણપૂર્વીય શહેરો નજીક એરસ્પેસ બંધ કરી દેવામાં આવ્યું હતું અને તેના વાયુસેનાના ફાઈટર જેટે ઉડાન ભરી હતી. રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે, આ હુમલામાં રાજધાની સહિત ઉત્તર, મધ્ય અને દક્ષિણના અનેક વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા હતા. Zaporizhzhia શહેરમાં ૧૬ થી વધુ લોકો ઘાયલ થયા હતા અને અનેક ફેક્ટરીઓ તેમજ ત્યાંના ઘરોને નુકસાન થયું હતું. કિવમાં ઘણા ઘરો સંપૂર્ણપણે નાશ પામ્યા હતા અને ઘણા વાહનો કાટમાળ નીચે દટાઈ ગયા હતા. ઝેલેન્સકીએ યુનાઈટેડ સ્ટેટ્સ, યુરોપ, G-7 અને G-20 દેશોને કડક વલણ અપનાવવા વિનંતી કરી. હુમલા દરમિયાન લોકોએ કલાકો સુધી મેટ્રો સ્ટેશનોમાં આશ્રય લીધો હતો.

### બરેલી ઘટનાની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ: ઉદિત રાજ

# ઘણાં મૌલાના ભાજપ સાથે મળેલા છે : કોંગ્રેસ નેતા

(સંપૂર્ણ સમાચાર સેવા)બરેલી

કોંગ્રેસના નેતા ઉદિત રાજે ઉત્તર પ્રદેશના બરેલીમાં હિંસા પર થયેલા લાઠીચાર્જની નિંદા કરી છે. તેમણે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના આ નિવેદનની પણ આકરી ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, ઘણાં મૌલાના ભાજપ સાથે જોડાયેલા છે અને ભાજપની મિલીભગતથી હિંસા થઈ રહી છે. ભાજપ પર પ્રહાર કરતા કોંગ્રેસના નેતા ઉદિત રાજે કહ્યું, ઘણા મૌલવીઓએ ભાજપ સાથે હાથ મિલાવ્યા છે અને દેશને હિન્દુ-મુસ્લિમ રાખવો તેમના હિતમાં છે. આઈ લવ મોહમ્મદએ બજરંગ બલીની જય અને જય શ્રી રામ જેવા નારા જેવું જ છે. આ અંગે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. બરેલી ઘટનાની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ. દોષિતોને સજા થવી જોઈએ. ઉત્તર પ્રદેશ સરકાર પર નિશાન સાધતા ઉદિત રાજે કહ્યું કે, યોગી સરકાર તપાસમાં દોષિતો સામે કાર્યવાહી નહીં કરે, પરંતુ તપાસને આગળ વધારશે. એ પણ શક્ય છે કે જે નિર્દોષ છે તેની ધરપકડ કરવામાં આવે. આ ઘટના મિલીભગતનું પરિણામ હોઈ શકે છે, તેથી કોઈ પણ ઘટનાને નકારી શકાય નહીં. આઈ લવ યોગી આદિત્યનાથ અને આઈ લવ અખિલેશ યાદવ પોસ્ટર પર ઉદિત રાજે કહ્યું કે, આ લાગણીઓ વ્યક્ત કરવાની એક રીત છે અને કોઈને પણ તેનાથી કોઈ સમસ્યા ન હોવી જોઈએ. પરંતુ આઈ લવ મોહમ્મદ પોસ્ટર લઈને ચાલનારાઓએ કંઈ ખોટું ન કરવાની કાળજી રાખવી જોઈએ. ભારત-પાકિસ્તાન એશિયા કપ ફાઈનલ અંગે કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા ઉદિત રાજે કહ્યું કે, વિદેશ મંત્રીએ બીજા દેશમાં નિવેદન આપ્યું હતું કે પાકિસ્તાન આતંકવાદનું કેન્દ્ર છે. હવે તે જ આતંકી દેશ સામે મેચ રમાઈ રહી છે. આ કેન્દ્ર સરકારના બેવડા ધોરણો દર્શાવે છે.

### કરૂર નાસભાગ બાદ એક્ટર વિજયની મોટી જાહેરાત

# મૃતકોના પરિવારોને વિજય આપશે ૨૦-૨૦ લાખ રૂપિયા

## વિજયે કરુરમાં નાસભાગની દુઃખદ ઘટના પર કહ્યું મારું દિલ તૂટી ગયું, મને અસહનીય પીડા થઈ રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)કરૂર

કરૂર નાસભાગ બાદ તમિલગા વિત્રા કઝગમ (TVK) ચીફ અને અભિનેતા વિજયે મોટી જાહેરાત કરી છે. અભિનેતાએ કહ્યુ કે રેલીમાં જે લોકોના મોત થયા છે તેમના પરિવારજનોને ૨૦-૨૦ લાખ રૂપિયાની આર્થિક મદદ આપવામાં આવશે. મહત્વનું છે કે શનિવારે તમિલનાડુના કરૂરમાં થયેલી નાસભાગમાં ૩૯ લોકોના મોત થયા છે. મુખ્યમંત્રી એમકે સ્ટાલિને મૃતકોના પરિવારજનોને ૧૦ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે.

વિજયે કરુરમાં નાસભાગની દુઃખદ ઘટના પર પોતાનું પહેલું નિવેદન જારી કર્યું છે. તેમણે કહ્યું કે મારું દિલ તૂટી ગયું, મને અસહનીય પીડા થઈ રહી છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરતા વિજયે લખ્યું કે, "મારું દિલ તૂટી ગયું છે. હું અસહ્ય, અવર્ણનીય પીડા અને આઘાત અનુભવી રહ્યો છું જે શબ્દોમાં વ્યક્ત નહીં કરી શકું. હું કરુરમાં જીવ ગુમાવનારા મારા પ્રિય ભાઈઓ અને બહેનોના પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના અને સહાનુભૂતિ વ્યક્ત કરું છું."

શનિવારે અભિનેતાથી રાજનેતા બનેલા વિજયે એક મોટી રેલીનું આયોજન કર્યું હતું. તેમાં ૧૦ હજાર લોકો પહોંચવાનો અંદાજ હતો, પરંતુ પહોંચનારની સંખ્યા ૨૭ હજારને પાર પહોંચી ગઈ હતી. લોકો સવારથી વિજયની રાહ જોતાં હતા. તેવામાં તે ગરમી અને ભૂખ-તરસથી પરેશાન હતા. અભિનેતા વિજય સાંજે ૭ કલાક બાદ પહોંચ્યા. તેમના ભાષણ દરમિયાન લોકો બેભાન થઈને પડવા લાગ્યા અને નાસભાગ મચી ગઈ. તેમાં આશરે ૩૯ લોકોના મોત થયા અને ૧૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઘટનાને લઈને રાજકીય વર્તુળોમાં આરોપ-પ્રત્યારોપનો સિલસિલો શરૂ થઈ ગયો છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શનિવારે જ તમિલનાડુના રાજ્યપાલ આરએન રવિ અને મુખ્યમંત્રી એમકે સ્ટાલિન સાથે કરૂરમાં થયેલી નાસભાગ બાદની સ્થિતિની જાણકારી લીધી અને મદદ માટે આશ્વાસન આપ્યું. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ ઘટના પર તમિલનાડુ સરકાર પાસેથી રિપોર્ટ માંગ્યો છે. તમિલનાડુના પૂર્વ મુખ્યમંત્રી અને અન્ના દ્રવિડ મુનેત્ર કષગમ (અન્નાદ્રમુક) મહાસચિવ કે. પલાનીસ્વામીએ રવિવારે દાવો કર્યો કે શનિવારે અહીં ટીવીકેની રાજકીય રેલીમાં થયેલી ભાગદોડ પોલીસ અને તંત્ર તરફથી સુરક્ષામાં થયેલી ચૂકનો પૂરાવો છે.

પલાનીસ્વામીએ કહ્યુ કે જો પોલીસ અને રાજ્ય સરકારે સાવચેતીના પગલા ભર્યા હોત તો આ ત્રાસદી ટાળી શકાય હોત. દુર્ઘટનામાં ૩૯ નિર્દોષ લોકોના મોત થયા અને ૫૧ લોકોને હોસ્પિટલમાં દાખલ કરાવવામાં આવ્યા.



## તંત્રી લેખ......

# ચોમાસાએ વરસાદની પેટર્નમાં સંપૂર્ણ પરિવર્તન દર્શાવ્યું છે

આ ચોમાસાએ વરસાદની પેટર્નમાં સંપૂર્ણ પરિવર્તન દર્શાવ્યું છે. ચોમાસા ગયા પછી દેશના ઘણા ભાગોમાં ભારે વરસાદ પડ્યો હતો. પાછલા દાયકાઓના અનુભવો પર નજર કરીએ તો, પૂર મુખ્યત્વે આસામ, પશ્ચિમ બંગાળ, બિહાર અને પૂર્વી ઉત્તર પ્રદેશ જેવા પૂર્વી અને ઉત્તરપૂર્વીય રાજ્યોમાં કેન્દ્રિત હતું, પરંતુ આ વર્ષનું દશ્ય સંપૂર્ણપણે અલગ છે. જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, તેમજ ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, હરિયાણા, દિલ્હી અને પંજાબમાં પૂરે ભારે વિનાશ વેર્યો છે. દેશના મુખ્ય ખાદ્ય ઉત્પાદક પ્રદેશો ગણાતા પંજાબ અને હરિયાણામાં, પૂરના કારણે લાખો હેક્ટર જમીન પર ઉભા પાકનો નાશ થયો. વાદળ ફાટવાથી ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીર જેવા પહાડી રાજ્યોના વિવિધ ભાગોમાં જાનમાલનું નોંધપાત્ર નુકસાન થયું. આને માત્ર સંયોગ ન માનવું જોઈએ. હવે સ્પષ્ટ છે કે આબોહવા પરિવર્તનના કારણે વાવાઝોડા, ચક્રવાત, અતિશય વરસાદ, વાદળ ફાટવા અને ભૂસ્ખલન જેવી કુદરતી આફતોમાં વધારો થશે. આનાથી દેશભરમાં તમામ પ્રકારના પાકનું નુકસાન થશે, તેમજ રેલ્વે, રસ્તા, વીજળી, મુખ્ય પુલ અને ટેલિકોમ્યુનિકેશન નેટવર્ક જેવા હાલના માળખાને નુકસાન થશે. પરિણામે, રાષ્ટ્રને વ્યાપક નુકસાન થશે. આ સમસ્યાના ટકાઉ અને લાંબા ગાળાના ઉકેલ માટે ગંભીરતાથી વિચાર કરવો જોઈએ, અને આમાં વિલંબ ન કરવો જોઈએ. ચોમાસાની ઋતુ પૂરી થતાં જ પૂર અને પાણી ભરાવાથી થતી સમસ્યાઓને ભૂલી જવું અન્યાયી રહેશે.

અસંખ્ય વૈજ્ઞાનિક અભ્યાસો સૂચવે છે કે આગામી વર્ષોમાં વાદળ ફાટવાની આવૃત્તિ વધી શકે છે, અને વરસાદની તીવ્રતા પણ અનિશ્ચિત રહેશે. ક્યારે, ક્યાં અને કેટલો વરસાદ પડશે તેની આગાહી કરવી પણ મુશ્કેલ બનશે. હાલમાં, વિશ્વના કોઈ હવામાનશાસ્ત્રીય ઉપગ્રહો કે સાધનો વાદળ ફાટવાની આગાહી કરી શક્યા નથી, અને નજીકના ભવિષ્યમાં પણ આવું થવાની શક્યતા નથી તેથી, પાણી સંબંધિત માળખાગત સુવિધાઓને વારંવાર નુકસાન સહન કરવાને બદલે, દેશભરમાં એકસાથે મજબૂત માળખાગત સુવિધાઓનું નિર્માણ કરવું જોઈએ. ભારતની વિકાસ યાત્રાએ રસ્તાઓ, રેલ્વે, હવાઈ માર્ગો, નાગરિક ઉડ્ડયન, વીજળી, ટેલિકોમ્યુનિકેશન અને મોબાઈલ નેટવર્કનું વ્યાપક નેટવર્ક સ્થાપિત કર્યું છે. આ ક્ષેત્રોમાં નોંધપાત્ર રોકાણ ચાલુ છે, જેના કારણે ભારત આજે એક મુખ્ય અર્થતંત્ર તરીકે ઉભરી રહ્યું છે. છેલ્લા ૫૦ વર્ષોમાં પાણીના માળખાગત સુવિધાઓને મજબૂત બનાવવાના પ્રયાસો કરવામાં આવ્યા છે, પરંતુ તે પૂરતા નથી લાગતા. ૧૯૭૨ થી નદીઓને એકબીજા સાથે જોડવાના પ્રોજેક્ટ્સ પર વિચારણા ચાલી રહી છે, પરંતુ માત્ર થોડા ઉદાહરણો જ બહાર આવ્યા છે. જળ શક્તિ અભિયાનના બે મુખ્ય ઉદ્દેશ્યો, એટલે કે, "દરેક ઘરને નળનું પાણી" અને "દરેક ખેતરને પાણી", પાઈપલાઈન અથવા ખુલ્લા નહેર નેટવર્ક દ્વારા પ્રાપ્ત કરવામાં આવે તો જળ શક્તિ મંત્રાલયની સ્થાપનાની સુસંગતતા વધુ મજબૂત બનશે, જેમાં તમામ પ્રકારના જળ સંસાધનોનો ઉપયોગ કરવામાં આવશે. આપણા દેશમાં, પાણીના માળખાના નિર્માણથી પૂરતી આવક થતી નથી. પરિણામે, જે પણ માળખાકીય સુવિધાઓ બનાવવામાં આવે છે તેના જાળવણી માટે જરૂરી માનવ અને નાણાકીય સંસાધનો ફાળવવામાં આવે છે. રેલ્વે, રસ્તા, હવાઈ પરિવહન, મોબાઈલ નેટવર્ક વગેરે જેવા અન્ય ક્ષેત્રોમાં રોકાણ સંબંધિત સંસ્થાઓ માટે આવક અને અન્ય લાભો ઉત્પન્ન કરે છે. પરિણામે, ખાનગી કંપનીઓ પાણીના માળખાના નિર્માણમાં રોકાણ કરવામાં ખચકાટ અને અનિચ્છા રાખે છે.

રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે તાજેતરમાં કહ્યું

# બુલેટ ટ્રેનનું ભાડું એસી ફર્સ્ટ-ક્લાસ ભાડાની આસપાસ હશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

છેલ્લા કેટલાક વર્ષોથી, દેશની પ્રથમ બુલેટ ટ્રેન શરૂ કરવા માટે કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. જ્યારે પણ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની ચર્ચા થાય છે, ત્યારે લોકો વારંવાર પૂછે છે કે, બુલેટ ટ્રેન આખરે ક્યારે શરૂ થશે? રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે તાજેતરમાં આ પ્રશ્નનો જવાબ આપ્યો હતો. મંત્રીએ જણાવ્યું હતું કે દેશની પ્રથમ બુલેટ ટ્રેન ટૂંક સમયમાં કાર્યરત થશે.

તેમણે જણાવ્યું હતું કે મુંબઈ અને અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેનનો પહેલો ભાગ જાન્યુઆરી ૨૦૨૭માં કાર્યરત થશે. બીજા ભાગમાં મુસાફરી કરવા માટે બે વર્ષ રાહ જોવી પડશે. હા, જો તમે મુંબઈથી અમદાવાદ મુસાફરી કરવા માંગતા હો, તો તમારે ૨૦૨૯ સુધી રાહ જોવી પડશે. વર્તમાન આયોજન મુજબ, તમે ૨૦૨૯માં મુંબઈથી અમદાવાદ સીધા બુલેટ ટ્રેન દ્વારા મુસાફરી કરી શકો છો.

નેશનલ હાઈ-સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ મુંબઈ અને અમદાવાદ વચ્ચે ૫૦૮ કિમીના હાઈ-સ્પીડ રેલ કોરિડોર પર ઝડપથી કામ કરી રહી છે. દેશની પ્રથમ બુલેટ ટ્રેન ગુજરાત, મહારાષ્ટ્ર અને દાદરા નગર હવેલીમાંથી પસાર થશે. રેલવે મંત્રીના જણાવ્યા મુજબ, મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનનો પહેલો ભાગ સુરત અને બિલીમોરા વચ્ચે હશે, જે ૨૦૨૭માં કાર્યરત થવાનો છે.

તેમણે જણાવ્યું હતું કે કામ ઝડપથી ચાલી રહ્યું છે. સુરત-બિલીમોરા સેક્શન ૨૦૨૭માં કાર્યરત થશે. ત્યારબાદ, ટ્રેન સેવા ૨૦૨૮ સુધીમાં થાણે અને ૨૦૨૯ સુધીમાં મુંબઈ પહોંચશે.

ટ્રેનની લોન્ચ તારીખ વિશે માહિતી મળ્યા પછી, લોકો હવે તેના ભાડા વિશે પૂછી રહ્યા છે. રેલવે મંત્રીએ જણાવ્યું હતું કે મધ્યમ વર્ગને ધ્યાનમાં રાખીને બુલેટ ટ્રેનના ભાડા સસ્તા રાખવામાં આવશે. તેમણે કહ્યું કે અમે ઈચ્છીએ છીએ કે સામાન્ય લોકો પણ આ ટ્રેનની મુસાફરીનો આનંદ માણી શકે. આનાથી મુસાફરોને ઝડપી અને આરામદાયક મુસાફરી મળશે. તાજેતરમાં, જ્યારે રેલવે મંત્રીને બુલેટ ટ્રેનના ભાડા વિશે વિગતવાર પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે તે ફર્સ્ટ-ક્લાસ ટ્રેનના ભાડા કરતા વધારે અને હવાઈ મુસાફરી કરતા ઓછું હશે. આ નિવેદનથી સ્પષ્ટ થયું કે બુલેટ ટ્રેનનું ભાડું એસી ફર્સ્ટ-ક્લાસ ભાડાની આસપાસ હશે.

ઈન્ફલુએન્ઝરની રીલથી ભડક્યું બજરંગ દળ

# સુરતના ગરબામાં ફિલ્મી ગીત પર ઈન્ફ્લુએન્સરની રીલ પર વિવાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

ગરબા આયોજનમાં હીન્દી ગીત પર મહિલાએ રીલ્સ બનાવતા વિવાદ થયો છે. ગરબામાં લૈલા ઓ લૈલા ગીત પર મહિલા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરે બનાવેલી રીલ્સ વાયરલ થઈ હતી. જેના બાદ બજરંગ દળના કાર્યકરો ગરબા સ્થળે પહોંચ્યા હતા અને આયોજકોને ગરબામાં હિન્દી ફિલ્મના ગીતો ન વગાડવા સૂચના અપાઈ. સુરતના પાલ વિસ્તારમાં આવેલા ગ્રીન સિટીના ગરબામાં એક સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરે નવરાત્રિના ગરબાના સ્થળે 'લૈલા ઓ લૈલા' હિન્દી ફિલ્મ સોંગ પર રીલ્સ બનાવીને પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોસ્ટ કરી હતી. આ રીલ્સ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં લોકોએ તેનો સખત વિરોધ કર્યો હતો. બજરંગ દળના કાર્યકરોને આ વીડિયોની જાણ થતાં તેઓ ગ્રીન સિટી પહોંચ્યા હતા અને સોસાયટીના આયોજકો સાથે વાત કરીને આ કૃત્ય સામે વાંધો ઉઠાવ્યો હતો. તેમણે આયોજકોને ભવિષ્યમાં નવરાત્રિ દરમિયાન આવા હિન્દી ફિલ્મના ગીતો ન વગાડવા માટે અને લોકોની ધાર્મિક લાગણીઓ ન દુભાય તે માટે સૂચના આપી હતી. આમ, વડોદરા, રાજકોટ બાદ હવે સુરતથી વિવાદ સામે આવ્યો છે. સુરતમાં ગરબામાં હિન્દી ફિલ્મના ગીત પર રીલ બનાવાતા વિવાદ સર્જાયો છે. ગરબામાં લૈલા ઓ લૈલા ગીત પર રીલ બનાવતા લોકો ભડક્યા હતા. ગરબામાં થતી અશ્લિલતાથી ખેલૈયામાં રોષ ફેલાયો છે. આ વિશે ખેલૈયાઓએ કહ્યું કે, કેટલાક લોકોના કારણે વાતાવરણ બગડે છે. ગરબામાં અશ્લીલ હરક્ત ન કરવી જોઈએ. આરાધનાના પર્વમાં આવી હરકત અશોભનિય છે. ગરબામાં થતી અશ્લિલ હરકતો નિંદાને પાત્ર છે. આપણી સંસ્કૃતિને જાળવી રાખવી આપણી ફરજ છે.

સોનમ વાંગચુકની ધરપકડ પર બોલ્યા રાહુલ ગાંધી

# લદાખની સંસ્કૃતિ પર હુમલો કરી રહ્યા છે ભાજપ-RSS

### હત્યા બંધ કરો, ડરાવવાનું અને ધમકાવવનું બંધ કરો, લદાખને તેમનો અવાજ આપો : રાહુલ ગાંધી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

લદાખમાં થયેલા હિંસક પ્રદર્શનો અને સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકની ગેરકાયદે પ્રવૃત્તિઓ હેઠળ થયેલી ધરપકડને લઈને રાજકારણ ગરમાયું છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરીને હિંસા માટે ભાજપ-આરએસએસને જવાબદાર ઠેરવ્યા છે. બીજી તરફ, આ મુદ્દે આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે શાબ્દિક યુદ્ધ છેડાયું છે.

રાહુલ ગાંધીએ એક્સ પર પોસ્ટ કરીને જણાવ્યું કે, 'લદાખની અદ્ભુત જનતા, સંસ્કૃતિ અને પરંપરાઓ ભાજપ અને આરએસએસના નિશાના પર છે. લદાખના લોકોએ માત્ર પોતાનો અવાજ ઉઠાવ્યો, જેના જવાબમાં ભાજપે ચાર યુવકોની હત્યા કરી અને સોનમ વાંગચુકને જેલમાં પૂરી દીધા. હત્યા બંધ કરો, ડરાવવાનું અને ધમકાવવનું બંધ કરો, લદાખને તેમનો અવાજ આપો, તેમને છઠ્ઠી અનુસૂચિનો અધિકાર આપો.

રાહુલ ગાંધીના નિવેદન પહેલાં AAPએ વાંગચુકની ધરપકડ પર તેમની ચૂપકીદી પર સવાલ ઉઠાવ્યો હતો. AAPએ રાહુલ ગાંધી દ્વારા PM મોદીને ગળે ગાવવાની તસવીર શેર કરીને નિશાન સાધ્યું છે. આપે કહ્યું કે 'પ્રખ્યાત સમાજસેવી વાંગચુક પર દેશદ્રોહનો ખોટો કેસ કરીને નરેન્દ્ર મોદીની તાનાશાહી સરકારે તેમને જેલમાં પૂરી દીધા, જોકે આ મામલે રાહુલ ગાંધીએ કથિત રીતે મૌન ધારણ કર્યું છે. આ પહેલા રાહુલ ગાંધીએ ભારત-પાકિસ્તાન મેચ યોજવા મામલે મૌન ધારણ કર્યું હતું.' આપે રાહુલને પૂછ્યું છે કે, 'આપણે ઓપરેશન સિંદૂરમાં કેટલા વિમાનો ગુમાવ્યા, તેઓ વાંગચુક મામલે ચુપ કેમ છે? શું રાહુલ ગાંધી ભાજપના એજન્ટ છે? આના પરથી એવું લાગી રહ્યું છે કે, રાહુલ ગાંધી માત્ર કેમેરા સામે જ કેટલાક મુદ્દાઓ પર ભાજપનો વિરોધ કરે છે. જ્યારે દેશભરમાં કોઈ મુદ્દો ભાજપ વિરુદ્ધ ચાલતો હોય છે, ત્યારે રાહુલ ગાયબ થઈ જાય છે.' કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ કેન્દ્ર સરકારની ટીકા કરીને વાંગચુકની ધરપકડનો વિરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, 'લદાખમાં સરકારની શરમજનક નિષ્ફળતા અને વાંગચુકની હ્રજીછ હેઠળ ધરપકડનો કોંગ્રેસ વિરોધ કરે છે. લદાખમાં એક વર્ષથી અશાંતિનો માહોલ છે, ત્યાંના લોકો છઠ્ઠી અનુસૂચિ હેઠળ વિશેષ દરજ્જાની માંગ કરી રહ્યા છે, પરંતુ સરકાર તેમની વાત સાંભળી રહી નથી અને કોઈ વાતચીત પણ કરી રહી નથી, તેનાથી ઊલ્ટું વિરોધ કરી રહેલા લોકોએ દમન અને હિંસાનો સામનો કરવો પડી રહ્યો છે. કોંગ્રેસ પાર્ટી લદાખમાં શાંતિ ઈચ્છે છે.'

પાઈલોટ જે ટ્રેનિંગ સ્ટુડન્ટ હતો, તેનો આબાદ બચાવ

# અમરેલી એરપોર્ટ ઉપર વિમાનનું ક્રેશ લેન્ડિંગ થયું

### અમરેલીમાં વરસાદી માહોલ દરમિયાન ટ્રેનિંગ સેન્ટરનું પ્લેન લેન્ડિંગ દરમિયાન રનવે પરથી નીચે ઉતરી ગયું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી જિલ્લામાં ફરીવાર એક એરક્રાફ્ટ અકસ્માતની ઘટના સામે આવી છે. જિલ્લામાં આવેલા ટ્રેનિંગ સેન્ટરનું પ્લેન વરસાદી માહોલમાં લેન્ડિંગ દરમિયાન રનવે પરથી નીચે ઉતરી ગયું હતું. આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાની થઈ નથી. પાઈલોટ જે ટ્રેનિંગ સ્ટુડન્ટ હતો, તેનો આબાદ બચાવ થયો છે.

અમરેલી એરપોર્ટ પર ભારે વરસાદ અને પવનના કારણે વિઝિબિલિટી ઘટી ગઈ હતી. પ્લેન લેન્ડિંગ માટે એરપોર્ટની રનવે પર આવી રહ્યું હતું ત્યારે પાઈલોટે વિમાન પરનો કંટ્રોલ ગુમાવ્યો હતો. પરિણામે પ્લેન સીધું રનવે પરથી બહાર જતું રહ્યું અને એરપોર્ટની બહાર આવેલા ખુલ્લા મેદાનમાં ઘુસી ગયું. સદભાગ્યે જાનહાનિ થઈ નથી, પરંતુ એરક્રાફ્ટને નુકસાન થયું છે. આ ઘટના બાદ એરપોર્ટની ટેક્નિકલ ટીમ, ટ્રેનિંગ સેન્ટરના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. આ દુર્ઘટનામાં પાયલટનો આબાદ બચાવ થયો હતો. ઘટનાને પગલે એરપોર્ટની ટેકનિકલ ટીમ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

આ ઘટનામાં એરક્રાફ્ટને નુકસાન થયું છે, પરંતુ સદભાગ્યે કોઈ જાનહાનિ થઈ નથી. એક વર્ષ પહેલા અમરેલી જિલ્લાના ગીરીયા વિસ્તારમાં ટ્રેનિંગ સેન્ટરના પ્લેનનો અકસ્માત થયો હતો જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું. આ તાજેતરની ઘટના એ સમયે ફરીવાર ચર્ચામાં આવી છે. સ્થાનિક લોકોએ પાઈલોટને સુરક્ષિત જોઈ રાહતનો શ્વાસ લીધો છે. હાલમાં એરપોર્ટ પર તમામ ફ્લાઈટ્સ માટે સલામતીના પગલાં વધુ કડક બનાવવામાં આવી રહ્યા છે.

# દિલ્હીમાં એરપોર્ટ, સ્કૂલ સહિત ૧૫૦ જગ્યાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીમાં સ્કૂલ, કોલેજો અને એરપોર્ટ સહિત અનેક જાહેર સ્થળોને ઈમેલ દ્વારા બોમ્બ ઉડાવી દેવાની ધમકીઓ મળી છે. આ ઈમેલ મોકલનાર વ્યક્તિએ આતંકી જૂથ હોવાનો દાવો કર્યો હતો. તેમણે જૂથનું નામ ટેરરાઈઝ ૧૧૧ રાખ્યું હતું. આ બોમ્બ ધમકીઓ ૧૦૦થી ૧૫૦ ઈમેલ સરનામાં પર મોકલવામાં આવી છે અને આ મામલાની તપાસ ચાલી રહી છે.

અહેવાલો અનુસાર, એરપોર્ટ અને અન્ય સંસ્થાઓને આ ધમકીભર્યો ઈમેઈલ મળતાની સાથે જ સુરક્ષા કડક કરી દેવામાં આવી હતી. બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDS) અને ડોગ સ્ક્વોડને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા હતા. એરપોર્ટ પર મુસાફરોની અવરજવર પર નજર રાખવામાં આવી હતી. મોટાભાગની ધમકીઓ ખોટી હોવાનું બહાર આવ્યું.

નોંધનીય છે કે, દિલ્હીમાં અગાઉ પણ આવી જ બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી છે. ઘણી વખત, કામકાજના દિવસોમાં શાળાઓ અને અન્ય સુવિધાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓએ ડર ફેલાવ્યો છે. જો કે, તપાસ બાદ, મોટાભાગના કિસ્સાઓ ખોટા હોવાનું બહાર આવ્યું છે. દિલ્હી ઉપરાંત, જયપુર, મુંબઈ અને કોલકાતામાં પણ બોમ્બ ધમકીઓ મળી હતી.

અગાઉ ૧૩મી સપ્ટેમ્બરના રોજ દિલ્હીના શાલીમાર બાગ, દ્વારકા અને સાકેતમાં આવેલી ત્રણ મેક્સ હોસ્પિટલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી.

મેક્સ હોસ્પિટલના કેન્દ્રીય કાર્યાલયને મળેલા ઈમેલમાં હોસ્પિટલને બોમ્બથી ઉડાવી દેવાની સ્પષ્ટ ધમકી આપવામાં આવી હતી. જો કે, આ પણ એક અફવા સાબિત થઈ હતી.

પૂરઝડપે આવેલી કારે પાછળથી ટક્કર મારી

# અમદાવાદમાં કાર ચાલકે સાઈકલ પર જતાં આધેડને ફંગોળી નાખ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના કૃષ્ણનગરના સરદાર ચોક નજીક શનિવારે (૨૭મી સપ્ટેમ્બર) ભયંકર અકસ્માત સર્જાયો હતો. એક કારના ચાલકે પૂરપાટ ઝડપે સાઈકલચાલકને જોરદાર ટક્કર કરી હતી. જેમાં કારની ટક્કરે સાઈકલ પર સવાર આધેડ હવામાં ફંગોળાઈને જમીન પર દૂર સુધી ઢસડાયો હતો. આ ઘટનામાં આધેડને ગંભીર ઈજાઓ પહોંચતા તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, શહેરના કૃષ્ણનગરના સરદાર ચોક પાસેથી એક સાઈકલચાલક પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન પાછળથી પૂરઝડપે આવેલી કારે તેમને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે સાઈકલ પર સવાર આધેડ લગભગ ૧૦ ફૂટ જેટલો હવામાં ઉછળીને ૨૦ ફૂટ દૂર જઈને પટકાયા હતા. આ ઘટનાને લઈને આસપાસના લોકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા અને ઈજાગ્રસ્ત સાઈકલચાલકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ દુર્ઘટનાને સઈને જી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ વી.ડી. વાઘેલાએ જણાવ્યું હતું કે, બનાવની જાણ થતાં જ પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી અને ઈજાગ્રસ્ત સાઈકલચાલકનું નિવેદન નોંધ્યું હતું. જોકે, ઈજાગ્રસ્ત સાઈકલચાલક અને કારચાલક વચ્ચે આર્થિક બાબતો સહિતની અન્ય બાબતે સમાધાન થઈ જતાં, પોલીસ ચોપડે કોઈ ફરિયાદ નોંધવામાં આવી નથી.

બીસીસાઈની નવી ટીમ...

# આરપી સિંહ અને પ્રજ્ઞાન ઓઝા બન્યા ટીમ ઈન્ડિયાના ચીફ સિલેક્ટર્સ

### પ્રજ્ઞાન ઓઝા અને આરપી સિંહને અજિત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિમાં સામેલ કરાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ તેની ૮૪મી વાર્ષિક સામાન્ય સભામાં નવા અધ્યક્ષ તરીકે મિથુન મન્હાસની નિયુક્ત કર્યા છે. તો પૂર્વ ભારતીય ક્રિકેટરો પ્રજ્ઞાન ઓઝા અને આરપી સિંહને અજિત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિમાં સામેલ કરવામાં આવ્યા છે. એસ. શરથ અને સુબ્રતો બેનર્જીના ગયા બાદ આ બે પૂર્વ ક્રિકેટરોને સમિતિમાં નિયુક્ત કરવામાં આવ્યા છે. અમિતા શર્માને મહિલા પસંદગી સમિતિના અધ્યક્ષ તરીકે પણ નિયુક્ત કરવામાં આવ્યા છે.

મુંબઈની સુલક્ષણા નાઈક અને શ્રવંતી નાયડુ પણ મહિલા પસંદગી સમિતિમાં જોડાયા છે. પુરુષોની સિનિયર પેનલમાંથી બહાર થયા બાદ એસ. શરથને જુનિયર પસંદગી પેનલના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. પુરુષોની સિનિયર પસંદગી સમિતિમાં ઓઝા અને આરપી સિંહની નિમણૂકો માટે અરજદારોમાં પ્રવીણ કુમાર, અમય ખુરસિયા, આશિષ વિન્સ્ટન ઝૈદી અને શક્તિ સિંહ જેવા ખેલાડીઓ પણ હતા. BCCIના પાત્રતા માપદંડ મુજબ, અરજી કરવા માટે અરજદારે ઓછામાં ઓછી સાત ટેસ્ટ, ૩૦ ફર્સ્ટ-ક્લાસ મેચ, ૧૦ ODI અને ૨૦ ફર્સ્ટ-ક્લાસ મેચ રમી હોવી જોઈએ. વધુમાં ઉમેદવારે ઓછામાં ઓછા પાંચ વર્ષ પહેલાં વ્યાવસાયિક ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હોવી જોઈએ. પ્રજ્ઞાન ઓઝા અને આરપી સિંહના કારકિર્દીના આંકડાઓ વિશે બંને પૂર્વ ક્રિકેટરો એક સમયે ભારતીય ટીમ માટે મુખ્ય ખેલાડીઓ હતા. તેમની કારકિર્દીમાં પ્રજ્ઞાન ઓઝાએ ભારત માટે કુલ ચાર ટેસ્ટ, 18 ODI અને A T20 આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી, જેમાં તમામ ફોર્મેટમાં ૧૪૪ વિકેટ લીધી હતી. તેણે ઘરેલુ ક્રિકેટમાં હૈદરાબાદ, બંગાળ અને બિહારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આરપી સિંહ ૨૦૦૭ T20 વર્લ્ડ કપ જીતનાર ભારતીય ટીમનો ભાગ હતા. તેણે ૮૨ આંતરરાષ્ટ્રીય મેચોમાં ૧૨૪ વિકેટ લીધી છે.

નૂંહમાં હિંસા ભડકતાં સ્થિતિ બેકાબૂ

# ચોરને પકડવા ગયેલી પોલીસ પર પથ્થરમારો અને ફાયરિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)નૂંહ,

હરિયાણાના નૂંહમાં રવિવારે હિંસા થઈ હતી. ચોર પકડવા માટે આવેલી પોલીસ પર પથ્થરમારો થયો હતો. આ ટોળાએ આટલેથી જ ન અટકતાં પોલીસ પર ગોળીબાર કર્યો હોવાના પણ અહેવાલ મળ્યા છે. જેનાથી નૂંહમાં તણાવ સર્જાયો હતો. પથ્થરમારો કરનારા આરોપીના સમર્થક હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસે વિસ્તારમાં ચુસ્ત બંદોબસ્ત લાગુ કર્યો છે. આરોપીના સમર્થકોએ પોલીસ પર ગેરકાયદે રાઈફલ્સ વડે ગોળીઓ ચલાવી હતી. આ ઘટનામાં અનેક પોલીસકર્મી ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

પોલીસે જવાબી કાર્યવાહી હાથ ધરી હોવાના પણ અહેવાલ છે. પોલીસે આશરે ૭-૮ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ મામલે ૧૩ આરોપીની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ૯૦થી વધુ લોકો વિરૂદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે. જેમાંથી ૩૦ની ઓળખ થઈ છે.આ ઘટના નૂંહના બિછૌરા ગામની છે. બિછૌરા ગામમાં પોલીસ એક ચોરને પકડવા માટે પહોંચી હતી. જ્યાં સ્થાનિક લોકોએ ઘરમાંથી બહાર નીકળી પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. બાદમાં ગોળીબાર પણ ચાલુ કર્યો હતો. પોલીસે પણ સામે કાર્યવાહી હાથ ધરતાં ૮ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

ગોળીબાર કરનારાઓએ માસ્ક પહેર્યું હોવાથી ઓળખ કરવી મુશ્કેલ બની હતી. પરંતુ તેઓ ગેરકાયદે હથિયાર ચલાવી રહ્યા હતા. હાલ સ્થિતિ નિયંત્રણમાં છે.

# નવરાત્રિ સામાન્ય શહેરીજનો માટે જાણે કે લૂંટ રાત્રિ બની ગઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરની નવરાત્રિ સામાન્ય શહેરીજનો માટે જાણે કે લૂંટ રાત્રિ બની ગઈ હોય તેવો તાલ જોવા મળી રહ્યો છે. શહેરના એસપી રિંગ રોડ આસપાસ સંખ્યાબંધ ખાનગી પાર્ટી પ્લોટમાં નવરાત્રિના આયોજનો કરાયા છે. જ્યાં ખુલ્લા પ્લોટમાં કોઈ સલામતી વગર ટુ વ્હીલર પાર્કિંગ માટે ૧૦૦ રૂપિયા અને કાર પાર્કિંગ માટે ૨૦૦ રૂપિયા સુધીની ઉઘાડી લૂંટ ચાલી રહી છે.

બીજી તરફ કાળા કાચવાળી કાર સામે કડક પગલાં લેવાની પોલીસે હાંકેલી ગુલબાંગોનું પણ સૂરસૂરિયું થઈ ગયું છે. અમદાવાદ શહેરમાં આવેલા ખાનગી પાર્ટી પ્લોટમાં એક દિવસની એક વ્યક્તિની ટિકિટ માટે ૧૦૦૦થી ૨૫૦૦ રૂપિયા સુધીની તોતિંગ ફી વસૂલવામાં આવી રહી છે. આવડી મોટી ફી ચૂકવ્યા બાદ પીવાના પાણીની વ્યવસ્થા પણ મોટાભાગના પાર્ટી પ્લોટમાં નથી. ઘરેથી લાવેલી પાણીની બોટલ અંદર લઈ જવા દેવામાં આવતી નથી. પરિણામે બે-અઢી કલાક રાસ રમીને તરસ્યા થયેલા ખેલૈયાઓએ ૨૦ રૂપિયાની પાણીની બોટલ માટે ૫૦ રૂપિયાથી પણ વધારે રકમ ચૂકવવી પડે છે. બહાર બજારમાં ૩૦-૪૦ રૂપિયામાં મળતી નાસ્તાની પ્લેટના ૧૦૦થી ૧૫૦ સુધીની અધધ રકમ વસૂલાઈ રહી છે. આ ઉઘાડી લૂંટ રોકવામાં એક પણ તંત્ર દ્વારા પગલાં લેવામાં આવી રહ્યા નથી.

નવરાત્રિ પૂર્વે કાળા કાચવાળા વાહનો અને રાત્રે ૧૨ વાગ્યા પછી ઊંચા અવાજે વાગતા લાઉડ સ્પીકર બાબતે હાઈકોર્ટે પોલીસ અને સરકારને ટકોર કરી હતી. પોલીસે પણ કડક પગલાં લેવાની ગુલબાંગો હાંકી હતી. હાલ અમદાવાદના માર્ગો પર રાત્રે દર ૧૦ કારમાંથી બે કારના કાચ કાળા જોવા મળી રહ્યા છે. પરંતુ પોલીસે એક પણ કારના કાળા કાચ ઉતરાવ્યા નથી. એટલે કે કાયદો-વ્યવસ્થાની જાળવણી થાય તેવા પગલાં લેવાની દાનતનો સ્પષ્ટ અભાવ વર્તાઈ રહ્યો છે.


ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ગુજરાતમાં કોમી એકતાનુ અનોખુ ઉદાહરણ : જુનાગઢમાં રાસગરબા શરૂ કરતા પહેલા દરગાહ પર શ્રીફળ વધેરાય છે

પ્રતિનિધિ,ગાંધીનગર

માતાજીની આરાધનાનુ પર્વ શરૂ થયુ છે અને તેની ધામધુમપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. પરંતુ જુનાગઢમાં એક એવી ગરબી છે કે જયાં રાસગરબા શરૂ કરતા પહેલા દરગાહે શ્રીફળ વધેરવામાં આવે છે.

મા નવલાં નોરતા શરૂ થયા છે ત્યારે જુનાગઢ શહેરમાં પરંપરાગત રીતે યોજાતી પ્રાચીન ગરબીઓ હજુ પણ જીવીત છે. ગરબીની શરૂઆત થાય ત્યારે ગરબી પ્રથમ માતાની આરાધના કરતા હોય છે પરંતુ નરસિંહ મહેતા ચોરા ખાતે યોજાતી જય ચામુંડા ગરબી મંડળ ટ્રસ્ટ દ્વારા ગરબીમાં પ્રથમ વલીએ સોરઠ દરગાહ અને મીયામામુંશા દરગાહ ખાતે ચાદરવીધી કરી શ્રીફળ વધેરી અને બાદમાં માની આરાધના કરાય છે. ગરબીનુ છેલ્લા ૬૫ વરસથી ચામુંડા ગરબી મંડળ દ્વારા નાત જાતના ભેદભાવ વગર આયોજન કરવામાં આવે છે. આ ગરબી મંડળમાં ૬૫ બાળાઓ છે જેમાં ૧૮બાળાઓ મુસ્લીમ છે, હિન્દુ મુસ્લીમ બાળાઓ એક સાથે જુદા જુદા રાસ લઈને નવલા નોરતા નિમિત્તે મા ની આરાધના કરે છે તો બીજી તરફ મુસ્લીમ સમાજના અગ્રણીઓ પણ અહીં માતાની આરતી ઉતારવા આવે છે. તો તબલા વાદક પણ મુસ્લીમ સમાજમાંથી આવે છે.

એક બાજુ પાર્ટી પ્લોટમાં અનેક નિયમો બનાવવામાં આવે છે, માતાજીની આરાધનાના પર્વમાં સૌ કોઈ ભાગીદાર થઈ રહ્યુ છે ત્યારે જુનાગઢ એ કોમી એકતાનુ શહેર કહેવામાં આવે છે અને તે સાર્થક પણ થઈ રહ્યુ છે.

નરસિંહ મહેતા ચોરા ખાતે યોજાતી પ્રાચીન ગરબીમાં હિન્દુ મુસ્લીમ સમાજની બાળાઓ એક સાથે માતાજીની આરાધના કરે છે જેમાં પ્રચલિત ભુવારાસ, સળગતી ઈંઢોણીનો રાસ, મઢડા રાસ, સહિતના જુદા જુદા રાસ રજુ કરીને લોકોને મંત્રમુગ્ધ કરી દે છે. નાની બાળાઓથી લઈ અનેક મોટી બાળાઓ ૯ દિવસ સુધી જુદા જુદા રાસ લઈને ગરબે ઝુમે છે. અંતર્ગત અહીંનો ભુવારાસ ખુબ જ પ્રચલિત છે,

ફકત જુનાગઢમાંથી જ નહી પરંતુ દુર દુર થી હજારોની સંખ્યામાં લોકો આ પ્રાચીન ગરબી નિહાળવા ઉમટી પડે છે. જયારે મુસ્લીમ બાળાઓ પણ નાત જાતના ભેદભાવ વગર ૯ દિવસ




ભુવારાસ સહિતના રાસ રમી માતાની આરાધના કરી ગરબે ઝુમે છે. જયારે સૌ કોઈએ ભાઈચારા સાથે રહેવાનો પણ સંદેશો આ ગરબે જુમતી બાળાઓ પાઠવે છે. આમ દત્ત અને દાતારની ભુમીમાં તમામ તહેવારો કોમી એખલાસ સાથે ઉજવાય છે. જયારે છેલ્લા ૬૫ વરસથી ચાલી આવતી પરંપરા હજુ પણ જુનાગઢમાં જીવીત છે અને હિન્દુ મુસ્લીમ બાળાઓ સાથે ગરબે રમી ધન્યતા અનુભવે છે.

# સહકારી ભાવના દેશની આર્થિક પાયાને મજબુત બનાવે છે : મંત્રી જગદીશ વિશ્વકર્મા

## ધી વડાલી નાગરીક સહકારી બેંક લી. વડાલીનો સુવર્ણ જયંતિ સમારોહ યોજાઈ ગયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના વડાલી ખાતે શેઠ સી જે હાઈસ્કુલ ખાતે સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં ધી વડાલી નાગરીક સહકારી બેંક લી. વડાલીનો સુવર્ણ જયંતિ સમારોહ યોજાઈ ગયો.

આ પ્રસંગે રાજય કક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્માએ કહ્યુ હતુ કે સહકારી ભાવના દેશની આર્થિક પાયાને મજબુત બનાવવા માટે અત્યંત અગત્યની ભુમિકા ભજવે છે. વડાલી નાગરીક સહકારી બેંકે છેલ્લા ૫૦ વરસથી સામાન્ય નાગરીકોને નાણાંકીય સેવા ઉપલબ્ધ કરાવી સહકારની ભાવના જીવંત રાખી છે. મંત્રીએ વધુમાં કહ્યુ હતુ કે આવનારા સમયમાં બેંક વધુ નવીન સેવાઓ આપીને સ્થાનિક વેપારીઓ, નાના ઉદ્યોગો તથા સામાન્ય ખાતેદારોના જીવનસ્તર ઉંચુ લાવવા મહત્વનુ યોગદાન આપશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. ગ્રામ્ય વિસ્તારમાં નાના વેપારીઓને લોનની સુવિધા, મહિલાઓના સ્વરોજગાર માટે સહાય તથા શિક્ષણક્ષેત્રે કરેલા યોગદાનથી બેંકે વિકાસની દિશામાં



એક આગવુ સ્થાન મેળવ્યુ છે. સહકારીતા વિભાગ જેનો મુખ્ય ઉદેશ નાના માણસની આર્થિક બાબતો, ગામના ખેડુત અને પશુપાલકોને મજબુત બનાવવો અને સહકાર દ્વારા ગામડાને મજબુત બનાવવાનો છે.

મંત્રીએ પ્રાકૃતિક ખેતી અને ઓર્ગેનિક ઉત્પાદન પર ભાર મુકતા જણાવ્યુ હતુ કે ખેડુતોની પેદાશોને યોગ્ય ભાવ મળી રહે તે માટે ઓર્ગેનીક સમિતિ તેમજ લોકલ ફોર વોકલ પ્લેટફોર્મ દ્વારા આત્મનિર્ભર બનવા માટે સહિયારા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ પ્રયાસો ન માત્ર આર્થિક સ્થિતિ મજબુત કરશે પરંતુ ગ્રામ્ય વિકાસ અને સ્વરાજગારમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપશે. આ કાર્યક્રમમાં અર્બન બેંક ફેડરેશનના પ્રમુખ જયોતિન્દ્ર મહેતાએ પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું.

## સાબરમતી સ્ટેશન પર "યુથ કનેક્ટ અવેરનેસ ડ્રાઈવ"નું આયોજન

# "સ્વચ્છતા હી સેવા" અભિયાન ૨૦૨૫ ના હેઠળ અમદાવાદ મંડળ દ્વારા વિવિધ સ્પર્ધાઓ અને કાર્યક્રમોનું આયોજન

"સ્વચ્છતા હી સેવા" અભિયાન ૨૦૨૫ અમદાવાદ મંડળ પર ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર ૨૦૨૫ના ગાંધી જયંતિ સુધી ઉજવવામાં આવી રહ્યું છે. આ અભિયાનનો ઉદ્દેશ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના સ્વચ્છ ભારતના સ્વપ્નને સાકાર કરવાનો છે. આ દિશામાં પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ નિરંતર સક્રિય ભૂમિકા ભજવી રહ્યું છે અને સ્વચ્છતા, નવીનતા અને પર્યાવરણીય જાગરૂકતાના ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યું છે.

આ ક્રમ માં તારીખ ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ અમદાવાદ મંડળના સામુદાયિક ભવન, સાબરમતી ખાતે "સ્વચ્છતા હી સેવા ૨૦૨૫" અભિયાનના હેઠળ એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે શાળાના બાળકો અને સ્કાઉટ્સ અને ગાઇડ્સના બાળકો દ્વારા બનાવવામાં આવેલા વેસ્ટ મટેરીયલ માંથી બનાવેલ ઉપયોગી ઉત્પાદનોના પ્રદર્શની નું અવલોકન કર્યું અને બાળકોની સર્જનાત્મકતા અને સ્વચ્છતા પ્રત્યેના અભિગમની પ્રશંસા કરી હતી.

સ્વચ્છતાનો સંદેશ લોકો સુધી પહોચાવવાના ઉદેશ્ય થી મંડળ દ્વારા અનેક અન્ય કાર્યક્રમોનું પણ આયોજન કર્યું હતું. મંડળ રેલ પ્રબંધક કાર્યાલય, લોકોમોટિવ શેડ સાબરમતી, લોકોમોટિવ શેડ વટવા, પાલનપુર અને ગાંધીધામ ખાતે રેલ કર્મચારીઓ માટે સ્વચ્છતા પર ક્વિઝ સ્પર્ધાઓ યોજાઈ હતી જેમાં કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અમદાવાદની ત્રણ શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે ચિત્રકામ, નિબંધ લેખન અને વક્તવ્ય સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં કુલ ૧૧૮ કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે ઈનામ આપવામાં આવ્યા હતા.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે આ અભિયાન ની શરૂઆત ૧૭ સપ્ટેમ્બરના રોજ વડનગર સ્ટેશન પર એક સાથે ૭૫ છોડ વાવીને શરૂ કર્યું હતું. તે જ દિવસે, એક ખાસ "સ્વચ્છતા વિશેષ ટ્રેન" ચલાવવામાં આવી હતી, જેમાં ૭૫ નિવૃત્ત સૈનિકો, રેલવે કર્મચારીઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ (NGOs) ના સભ્યોએ ભાગ લીધો હતો. આ ખાસ ટ્રેન ને સાબરમતી, કલોલ, મહેસાણા અને વડનગર સ્ટેશનો પર રોકાઈને ત્યાં સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું હતું

કાર્યક્રમ ના દરમિયાન મંડળ રેલ પ્રબંધકે શાળાના બાળકોને સ્વચ્છતા અભિયાન સંબંધિત પ્રશ્નો પૂછ્યા અને સાચા જવાબ આપનારાઓને ચોકલેટનું ઈનામ તરીકે વિતરણ કર્યું. આ વાતચીતથી બાળકોમાં ન માત્ર ઉત્સાહ પૈદા કર્યો પરંતુ તેમને સ્વચ્છતા પ્રત્યે વધુ જાગૃત પણ બનાવવામાં આવ્યા.

આ કાર્યક્રમમાં અપર મંડળ રેલ પ્રબંધક શ્રી લોકેશ કુમાર, અપર મંડળ રેલ પ્રબંધક શ્રીમતી મંજુ મીણા, પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, અમદાવાદના પ્રમુખ શ્રીમતી શેફાલી ગુપ્તા, વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી સિદ્ધાર્થ અને અન્ય રેલવે અધિકારીઓ હાજર રહ્યા હતા.



૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ યોજાયેલા આ કાર્યક્રમની થીમ હતીઃ "સ્વચ્છતા પહેલમાં યુવાનોની ભાગીદારી અને જાહેર શૌચાલયોની સફાઈ અને અપગ્રેડેશન." આ અવસર પર કાર્મિક વિભાંડ દ્વારા સાબરમતી રેલવે સ્ટેશન પર "યુથ કનેક્ટ અવેયરનેસ ડ્રાઈવ'' આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુલ ૧૦૦ કર્મચારીઓ અને અધિકારીઓએ ભાગ લીધો હતો. સાથે મંડળ ના વિવિધ રેલવે સ્ટેશનો અને ટ્રેનોમાં શૌચાલયોની સંપૂર્ણ સફાઈ કરવામાં આવી હતી અને જરૂરી અપગ્રેડેશન પણ કરવામાં આવ્યું હતું. અમદાવાદ મંડળ દ્વારા આયોજિત આ સમગ્ર કાર્યક્રમ સ્વચ્છતા પ્રત્યે જનજાગૃતિ વધારવાનો એક સફળ પ્રયાસ હતો, અને આ અભિયાન ભવિષ્યમાં પણ ખૂબ જ ઉત્સાહ સાથે ચાલુ રહેશે.

## માણકોલ ગામમાં ગરબા નથી રમાતા

# નવરાત્રિમાં માણકોલ ગામમાં ૭૦ વર્ષથી રંગભૂમિની નાટ્ય પરંપરા

## દાનમાં મળેલા પૈસાનો ગામના વિકાસમાં ઉપયોગ કરાય છે

(સંપૂર્ણ સમાચાર સેવા)સાણંદ

નવરાત્રિ રાતો ડિજિટલ બનીને શહેરના રસ્તાઓને હેવી ડેસિબલથી ધમરોળી રહી છે, ત્યારે સાણંદ પાસે આવેલા નાનકડા એવા માણકોલ ગામમાં નવરાત્રિ દરમિયાન સાંજ પડતા જ ગામના દરેક સભ્યો પોત-પોતાના પાથરણા લઈને ગામના ચોરે ભેગા થાય છે અને જુનવાણી નાટકો અને તેના સંગીતની અદભુત હાસ્યસભર મજા લે છે. એક દિવસ વીર માંગડાવાળો તો બીજા દિવસે ભક્ત પ્રહલાદ કે પછી એમ ખમ્મા મારા વીરા જેવા નાટકો આજના મોબાઈલ યુગમાં અહીંના બાળકો અને મહિલાઓ સહિત પરિવારો માટે એક વરદાનરૂપ પ્રવૃત્તિ છે. માણકોલ ગામમાં નવરાત્રિના ચોથાથી લઈને નવમા નવરાત્રિ સુધી ચાલતી પાંચ નાટકોની પરંપરા ૭૦ વર્ષથી ચાલે છે. આખા જિલ્લામાં દરેક ગામો નવરાત્રિમાં ગરબાના રંગે રંગાય છે ત્યારે માણકોલ ગામમાં રંગભૂમિનો રંગ ચડે છે.

અહીં દર વર્ષે ૯ મીર પરિવારના કલાકારો આવીને ગામના યુવકો સાથે મળીને રિહર્સલ સાથે ચોથાથી નવમાં નોરતા સુધી પાંચ નાટકો રજૂ કરે છે. આ અંગે વર્ષો જૂની આ પરંપરા સાથે જોડાયેલા અબ્બાસ ભાઈ કાસમભાઇ મીરે જણાવ્યું કે, અમે લોકો ઘણા વર્ષોથી માણકોલ ગામ સાથે સંકળાયેલા છીએ. ભવાઈના કલાકારો સાથે ગામના યુવાનો જોડાઈને અહીં વીર માંગડાવાળો. રાણકદેવી, પુત્રએ લજવ્યા પારણા, ખમ્મા મારા વીર અને ભક્ત પ્રહ્લાદ જેવા નાટકો અમારા ગામની રોનક છે. અમારી પાસે પૌરાણિક રંગભૂમિની કંપની અનુસાર એક પેટી માસ્તર છે જે પ્રાચીન રીતે પગથી ચાલતું હાર્મોનિયમ જ વગાડે છે. આ જ મંડળીના અન્ય એક કલાકાર સુરેશભાઇ મીરે જણાવ્યુ કે, હું ખાસ સ્ત્રીનું પાત્ર ભજવવા માટે કટોસણથી આવું છું. ગામના અગ્રણી કિસ્મતભાઈ ગોહિલે જણાવ્યું કે, અહીં નિયમિત રીતે દર નવરાત્રિમાં છેલ્લા ૭૦ વર્ષથી નાટકો ભજવાય છે. બીજી નવાઈની વાત એ છે કે, આ નાટકોમાં શુદ્ધ મનોરંજન રહેલું છે. નાટકમાં પ્રાચીન પાત્રો સાથે ગામ અને સમાજના કુરિવાજો સામે માર્મિક કટાક્ષો પણ જોવા મળે છે. ગામમાં સદીઓ જૂની વસ્તુ વિનિમય પ્રમાણે દાનની પરંપરા છે, જેમાં મોટાભાગના લોકો અનાજનું દાન કરે છે. ગામમાં યુવાનોનું મંડળ આ અનાજ વેચીને તેમાંથી મળતી રકમને ગામના વિકાસ માટે ઉપયોગમાં લે છે. દર વર્ષે અંદાજે રૂપિયા ૫૦ હજાર જેટલી રકમ સરળતાથી એકઠી થઈ જાય છે જે ગામના જ વિકાસ અર્થે વાપરવામાં આવે છે. જાણીતા રંગકર્મી અને સંશોધક રમેશભાઈ પંચોટીયાએ જણાવ્યુ કે, ગુજરાતમાં એવા ઘણા ગામો હતા જે નવરાત્રિમાં માતાજીના પ્રસંગોને લઈને ભજવાતા. કેટલાક જૂજ ગામોએ આ પરંપરા હજુ પણ જાળવી રાખી છે.

# પી.એમ. શ્રી કેન્દ્રીય વિદ્યાલય ભાવનગર પરા માં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન

"સ્વચ્છતા હી સેવા – ૨૦૨૫" અભિયાન અંતર્ગત તા. ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૫ (રવિવાર) ના રોજ પી.એમ. શ્રી કેન્દ્રીય વિદ્યાલય, ભાવનગર પરા ના પરિસરમાં વૃક્ષારોપણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી દિનેશ વર્મા, અપર મંડળ રેલ પ્રબંધક (ADRM) શ્રી હિમાઁશુ શર્મા, અન્ય વરિષ્ઠ અધિકારીઓ તેમજ વિદ્યાલયના પ્રાચાર્ય શ્રી નીરજ જોનવાલની સક્રિય હાજરી રહી. કાર્યક્રમ દરમિયાન વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ




હરિત પર્યાવરણ અને સ્થિર વિકાસના મહત્ત્વ પર પ્રકાશ પાડતાં જણાવ્યું કે ભાગ લેનારાઓ દ્વારા કરવામાં આવેલું વાવેતર ભવિષ્યની પેઢીઓ માટે સ્વચ્છ અને સ્વસ્થ પર્યાવરણ સુનિશ્ચિત કરશે.

તેમણે આ આયોજનને માત્ર ઔપચારિકતા તરીકે ન માનતા, પર્યાવરણ સંરક્ષણ, જનજાગૃતિ અને સામાજિક જવાબદારીનું પ્રતિક ગણાવ્યું. વૃક્ષારોપણ અવસરે આપવામાં આવેલા પ્રેરક સંદેશાઓએ ઉપસ્થિત જનસમુદાયને સ્વચ્છતા અને હરિયાળીનું મહત્ત્વ આત્મસાત કરવા માટે પ્રેરિત કર્યા. આ દરમ્યાન મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ વરિષ્ઠ અધિકારીઓ સાથે વિદ્યાલયનું નિરીક્ષણ પણ કર્યું.

નિરીક્ષણ દરમિયાન તેમને આ જાણીને આનંદ થયો કે રજાઓ હોવા છતાં ધોરણ ૧૦, ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે વધારાની કક્ષાઓનું સંચાલન કરવામાં આવે છે. શ્રી વર્માએ ઉપસ્થિત વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી તેમની અભ્યાસ પ્રગતિ અને વિદ્યાલયમાં ચાલી રહેલી પ્રવૃત્તિઓ અંગે માહિતી મેળવી.

# સુરતમાં ગોપાલ ઈટાલીયાની રત્નકલાકારોને હાંકલ : આગામી ચુંટણીમાં બાળકોના ભવિષ્યનો વિચાર કરવા આહવાન કર્યુ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આમ આદમીના પાર્ટીના નેતાઓએ ગઈ કાલે શનિવારે સુરતમાં રત્નકલાકાર અધિકાર યાત્રા યોજીને મધ્યમવર્ગીય પાટીદાર સમાજને આગામી પાલિકાની ચુંટણી પહેલા એક મોટો સંદેશ આપ્યો હતો. વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા અને પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયાની આગેવાનીમાં યોજાયેલી આ યાત્રા ઉમિયાધામ મંદિર થી શરૂ થઈને માનગઢ ચોક મીની બજાર સુધી પહોચી હતી. જેમાં મોટી સંખ્યામાં રત્ન કલાકારો જોડાયા હતા.




યાત્રાબાદ યોજાયેલી જાહેર સભામાં સંબોધન કરતા ગોપાલ ઈટાલીયાએ સીધો અને ધારદાર પ્રહાર કર્યો હતો. તેમણે કહ્યુ કે નેતાઓના બાળકો તો વિદેશમાં ભણે છે તમે તમારા બાળકોના ભવિષ્યનો વિચાર કરો, ઈટાલીયાએ સામાન્ય માણસની મુશ્કેલીઓ પર ભાર મુકતા જણાવ્યુ હતુ કે લોકોને પોતાના બાળકોને ભણાવવા માટે જરૂરી રૂપીયા ૧૩ હજાર મેળવવા માટે પણ અનેક કાગળો જમા કરાવવા પડે છે. તેમણે ઉમેર્યુ કે તમે જયારે તમારા રોજિંદા વ્યવહારો નિભાવવા માટે તમારી જમીનો વેચો છો ત્યારે તે જમીનો નેતાઓના નામે જ લખાઈ જાય છે.

આ રીતે તેમણે સુરતના હિરા ઘસવાના વ્યવસાય સાથે સંકળાયેલા મધ્યમ વર્ગીય પાટીદાર સમાજને આગામી પાલિકાની ચુંટણીમાં સમજદારી પૂર્વક નિર્ણય લેવા માટે આહવાન કર્યુ હતું. તેમનુ આ સંબોધન સ્પષ્ટપણે પાટીદાર મતદારોને આમ આદમી પાર્ટી તરફ વાળવાનો આડકતરો ઈશારો હતો.

ગોપાલ ઈટાલીયાએ પોતાના સંબોધનમાં સામાન્ય માણસ પરના દેવાના બોજ અને તેના ગંભીર પરીણામોને પણ સામે લાવ્યા, તેમણે વિધાનસભાની ચુંટણીમાં કતારગામ બેઠક પરના પોતાના પરાજયનો ઉલ્લેખ કરતા કહ્યુ હતુ કે હું હારી ગયો પણ મારે ઝેર પીવુ પડયુ નથી, પરંતુ આપણા ઘણા સામાન્ય વર્ગના લોકોને દેવાના બોજ તળે દબાઈ જવાને કારણે આત્મહત્યા કરવી પડી.

તેમણે એક દુઃખદ ઘટના ટાંકીને કહ્યુ હતુ કે હિરાનુ કામ બંધ થઈ જવાથી બેરોજગાર બનેલા એક યુગલને કેવા સંજોગોમાં દારૂની હેરાફેરી જેવુ કામ કરવુ પડયુ હશે તેની કલ્પના કરો, ઈટાલીયાએ આ ઘટનાઓ દ્વારા સરકારની નીતિઓ પર આકરા પ્રહાર કર્યા હતા. અને રત્નકલાકારોના હકકો માટે લડત ચાલુ રાખવાનો સંકલ્પ વ્યકત કર્યો હતો.

## હવામાન વિભાગની આગાહી

# અમદાવાદ સહિત અનેક જિલ્લામાં વરસાદ બે દિવસ કહેર મચાવશે

## દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં હાલ નવરાત્રીનો પાવન પર્વ ચાલી રહ્યો છે. ત્યારે ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. હવામાન વિભાગે ગુજરાતમાં સાત દિવસ વરસાદની આગાહી આપવામાં આવી છે. આ સાથે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, દક્ષિણ આંતરિક ઓડિશા પર બનેલું ડિપ્રેશન પશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે. જે ધીમે ધીમે નબળું પડીને લો પ્રેશર એરિયામાં ફેરવાઈ ગયું છે. જેના કારણે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. હવામાન વિભાગે આપેલી માહિતી મુજબ, સોમવારે ૨૯ સપ્ટેમ્બરના રોજ સુરત, નવસારી, વલસાડ જિલ્લામાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. આ જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ સાથે અમરેલી, ભાવનગર, ભરૂચ, નર્મદા, તાપી, ડાંગ, છોટા ઉદેપુર જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. અહીં ગાજવીજ સાથે અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.

હવામાન વિભાગે આપેલી માહિતી મુજબ, આજે સુરત, નવસારી, વલસાડ જિલ્લામાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. આ જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ સાથે અમરેલી, ભાવનગર, ભરૂચ, નર્મદા, તાપી, ડાંગ, છોટા ઉદેપુર જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. અહીં ગાજવીજ સાથે અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.

આજે ૧૮ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યુ છે. જેમાં ગીર સોમનાથ, જૂનાગઢ, રાજકોટ, બોટાદ, સુરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, ખેડા, આણંદ, વડોદરા, પંચમહાલ, દાહોદ, મહીસાગર, અરવલ્લી, મહેસાણા, સાબરકાંઠા, પાટણ, બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે. આ દરમિયાન છૂટાછવાયા સ્થળો પર મધ્યમ મેઘગર્જના સાથે હળવાથી મધ્યમ વરસાદ થવાની શક્યતાઓ છે. આ સાથે પવનની ગતિ ૪૦થી ૫૦ કિલોમીટર પ્રતિકલાકની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે ૨૯ સપ્ટેમ્બરના રોજ અમરેલી, ગીર સોમનાથમાં રેડ એલર્ટની સાથે ગાજવીજની આગાહી આપી છે. આ જિલ્લામાં અત્યંત ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.આ સાથે રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, બોટાદ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડમાં ઓરેન્જ એલર્ટ સાથે ગાજવીજની આગાહી આપવામાં આવી છે. આ વિસ્તારોમાં અત્યંત ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ વિસ્તારોમાં અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. કચ્છ, અમદાવાદ, પાટણ, બનાસકાંઠા, મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ, આણંદ, ભરૂચ, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદરમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આ જિલ્લાઓમાં ભારે વરસાદ સાથે ગાજવીજની પણ આગાહી આપવામાં આવી છે. ૩૦મી તારીખે વરસાદનું જોર થોડું ઘટતું દેખાય રહ્યું છે. જોકે, ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી તો આપવામાં આવી છે.

# ગુજરાતમાં ૫૩ હજાર વકીલોએ વેરીફીકેશન ફોર્મ ભરવા બાર કાઉન્સિલનુ ફરમાન

**જુનિયર વકીલોએ સીનીયર એડવોકેટના લેટરપેડ પર સર્ટીફીકેટ લખાવી રજુ કરવુ : આધાર પુરાવા ન હોય એવા વકીલોએ ૫૦ ના સ્ટેમ્પ પેપર પર એફીડેવીટ રજુ કરવી પડશે**




પ્રતિનિધિ,ગાંધીનગર

બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયાએ ગુજરાત બાર કાઉન્સિલ સહિત દેશની તમામ બાર કાઉન્સિલોને ફેબ્રુઆરી ૨૦૨૨ સુધીના વકીલોને સંબંધીત દસ્તાવેજો સાથે પ્રેકટીસ વેરીફીકેશન ફોર્મ ભરાવી દેવા નિર્દેશો જારી કર્યા છે અને ૩૦ દિવસની મહેતલ આપી છે. પણ વાસ્તવિકતા એ છે કે ગુજરાતના ૫૩ હજાર થી વધુ વકીલોએ હજુ વેરીફીકેશન ફોર્મ ભર્યા જ નથી.

સુત્રોના જણાવ્યા મુજબ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયા સર્ટીફીકેટ એન્ડ પ્લેસ ઓફ પ્રેકટીસ (વેરીફીકેશન) રૂલ્સ ૨૦૧૫ હેઠળ નિયત કરેલા પ્રેકટીસ વેરીફીકેશન ફોર્મ ભરવા માટે વકીલોને પડતી મુશ્કેલીઓનો ઉકેલ લાવવા માટે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની તાજેતરમાં અસાધારણ સભા મળી હતી. આ બેઠકમાં વકીલો ફોર્મ સરળતાથી, સુગમતા અને સગવડતાથી ભરી શકે તે માટે ફોર્મ સંદર્ભે તેમાં આપવામાં આવેલી સુચનાઓને વિસ્તારથી દર્શાવીને પરીપત્ર તૈયાર કરવામાં આવ્યો હતો. જેમાં જુનીયર વકીલોએ કે જેઓ કોઈ એડવોકેટ ફર્મ કે કોઈ લો ફર્મ અથવા તો સીનીયર એડવોકેટ સાથે જોઈન્ટમાં વકીલાત કરતા હોય તેમણે સીનીયર વકીલના વકીલાત નામામાં જોઈન્ટ માં સહી કરી હોય તો તેવુ વકીલાતનામુ અથવા તો આવી લો ફર્મ કે તેમના સીનીયર એડવોકેટનુ લેટરપેડ ઉપર સર્ટીફીકેટ લખાવીને રજુ કરવાનુ રહેશે. અન્યથા ઉપર મુજબના કોઈપણ આધાર પુરાવા ન હોય તેવા કિસ્સામાં ધારાશાસ્ત્રીએ પોતે જે પ્રમાણેની પ્રેકટીસ ધરાવતા હોય તે સંદર્ભેનુ તમામ વિગતો સાથેનુ સોગંદનામુ નોટરી સમક્ષ ૫૦ રૂપીયાના સ્ટેમ્પ પેપર ઉપર તૈયાર કરીને રજુ કરી આપવાનુ રહેશે.

સમગ્ર ગુજરાતના વકીલોના વિશાળ હિતને ધ્યાનમાં રાખીને ગુજરાત બાર કાઉન્સિલના ચેરમેન જે જે પટેલની અધ્યક્ષતામાં મળેલી બાર કાઉન્સિલના ઓફ ગુજરાતના જનરલ બોર્ડ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં તમામ ધારાશાસ્ત્રીઓ કે જેઓ બાર કાઉન્સિલ ઓફ ગુજરાત ના સ્ટેટ રોલ ઉપર ૨૮/૨/૨૦૨૨ પહેલા નોંધાયેલા છે. તેવા દરેક ધારાશાસ્ત્રીઓએ પ્રેકટીસ વેરીફીકેશનના ફોર્મ ભરવાના થાય છે અને ફોર્મ સાથે કોઈપણ પ્રકારની ફી ભરવાની નથી, જયારે જુલાઈ ૨૦૧૦ અગાઉ નોંધાયેલા ધારાશાસ્ત્રીઓ કે જેમણે અગાઉ પ્રેકટીસ વેરીફીકેશન ફોર્મ નિયત ફી સાથે ભરેલ છે તેમણે ફરીથી આ ફોર્મ ભરવાનુ રહેશે નહી. વકીલાતનામા-કોઝ લીસ્ટ ઈ-સ્ટેટસની નકલ-૨ સેટ, રેવન્યુ પ્રેકટીસ કરનારા ધારાશાસ્ત્રીઓએ તેમણે તૈયાર કર્યા હોય તેવા ટાઈટલ દસ્તાવેજની ૩ નકલ, નોટરી ધારાશાસ્ત્રીઓ માટે નોટરી લાયસન્સની કોપી ૪ નકલ, ઈન્કમટેક્ષ, સેલ્સ ટેક્ષ, જીએસટીની પ્રેકટીસ કરતા ધારાશાસ્ત્રીઓ માટે તે સંદર્ભમાં આપે જે કેસમાં કામ કર્યુ હોય તેને લગતા દસ્તાવેજો અથવા જુનીયર ધારાશાસ્ત્રીઓ કે જેઓ કોઈ એડવોકેટ ફર્મ કે કોઈ લો ફર્મ અથવા તો સીનીયર એડવોકેટ સાથે જોઈન્ટમાં વકીલાત કરતા હોય તેમણે સીનીયર વકીલના વકીલાતનામામાં જોઈન્ટમાં સહી કરી હોય તો તેવુ વકીલાતનામુ અથવા તો આવી લો ફર્મ કે તેમના સીનીયર એડવોકેટનુ લેટરપેડ ઉપર સર્ટીફીકેટ લખાવીને રજુ કરવાનુ રહેશે.

# હિંમતનગર કલેકટર કચેરીમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના પરીપત્રના ઉડયા ધજાગરા

**મુખ્યમંત્રીના મહેસુલી અધિકારીઓને ફોન ઉપાડવાના પરીપત્રને ચીટનીશ શાખા ગોળી પી ગઈ**

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના દ્વારા મહેસુલી વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓને ધારાસભ્યો અને સાંસદો તેમજ મુલાકાતીઓના ફોન ઉપાડી જવાબ આપવાનો પરીપત્ર કરવામાં આવ્યો છે. આ પરીપત્રનો સાબરકાંઠા જિલ્લાના વહિવટી તંત્ર દ્વારા ધજાગરા ઉડાડવામાં આવતા કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે. સાબરકાંઠા જિલ્લા કલેકટર જયાં બેસે છે તેની બિલકુલ નજીકમાં જ ચીટનીશ શાખામાં બેસતા નાયબ મામલતદાર કક્ષાના અધિકારીઓ મુખ્યમંત્રીના પરીપત્રના ધજીયા ઉડાડી રહ્યા હોવાની ચર્ચાએ જોર પકડયું છે. આ અંગે ગાંધીનગરથી મીડીયા દ્વારા ચીટનીશ શાખામાં ફોન કરવામાં આવતા જે ફોન રીસીવ કરવામાં ન આવતા ચીટનીશ શાખામાં બેસતા અધિકારીઓ ની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે.

લોકમુખે ચર્ચાયેલ મુજબ ચીટનીશ શાખામાં પેપરવેઈટ વગર કામો થતા નથી. તેમજ મહેસુલ વિભાગમાં જમીનોની ફાઈલો પણ ચીટનીશ શાખામાં થી કલેકટર પાસે જતી હોવાને કારણે મોટાપાયે કટકી થતી હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે.

વધુમાં ચીટનીશ શાખામાં ચાલતી જમીન વિવાદના કેસોની અપીલોની તારીખો લેવા માટે પણ કેટલાક જવાબદાર અધિકારીઓ / કર્મચારીઓ દ્વારા રીતસર કટકી ઉઘરાવવામાં આવતી હોવાનુ પણ ચર્ચાઈ રહ્યુ છે.

કલેકટર કહે છે કચેરીમાં પૈસા લેવામાં આવતા નથી વાસ્તવમાં કલેકટરની વાત સાચી છે પરંતુ અહીંયા તો કચેરીમાં અધિકારીઓ દ્વારા નાક દબાવી મોઢુ ખોલાવી ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે. ત્યારે પારદર્શકની વાતો કરતા કલેકટરશ્રી દ્વારા ચીટનીશ શાખાના અધિકારીઓ/ કર્મચારીઓ પાસે મુખ્યમંત્રીના ફોન ઉપાડવાના પરીપત્રનો અમલ કરાવવામાં આવે તેવી આમ પ્રજાની માંગ ઉઠવા પામી છે.

# સાંસદ મનસુખ વસાવાએ ફોડયો વધુ એક લેટરબોમ્બ : મુખ્યમંત્રીને કરી ફરીયાદ



પ્રતિનિધિ,ગાંધીનગર

નર્મદા જિલ્લાની ગુજરાત પેટર્ન તથા એફઆરએ ની ગેરકાયદેસર મીટીંગ બોલાવી ખોટી રીતે કામોમાં ફેરફાર કરવા બાબતે મુખ્યમંત્રીને સાંસદ મનસુખ વસાવાએ પત્ર લખીને વધુ એક લેટરબોમ્બ ફોડયો છે. જેમાં ખોટી રીતે કામોમાં ફેરફાર કરવા અંગે સાંસદે નારાજગી વ્યકત કરી છે અને ધારાસભ્ય નાંદોદ ડો. દર્શનાબેન અને ધારાસભ્ય ડેડીયાપાડા ચૈતર વસાવાને રાજી રાખવા કલેકટરના અધ્યક્ષસ્થાને ફરીથી મીટીંગ બોલાવતા સાંસદ ની નારાજગી દર્શાવી છે.

પત્રમાં જણાવ્યુ છે કે ધારાસભ્ય નાંદોદ ડો.દર્શનાબેન દેશમુખ અને ધારાસભ્ય ડેડીયાપાડા ચૈતરભાઈ વસાવાને રાજી રાખવા ગાંધીનગર સરકારની સુચનાથી ફરી કલેકટરના અધ્યક્ષસ્થાને ગુજરાત પેટર્ન અને એફઆરએ ના કામો બાબતની મીટીંગ ૨૬ સપ્ટેમ્બર ના રોજ બોલાવવામાં આવી હતી. નર્મદા જિલ્લાની ગુજરાત પેટર્ન તથા એફઆરએ ના કામો ૧૧ સપ્ટેમ્બર ના રોજ પ્રભારી મંત્રી નર્મદા જિલ્લાના અધ્યક્ષસ્થાને મંજુર થયા હતા. આ કામો તાલુકા કક્ષાની સમિતિએ જિલ્લાને દરખાસ્ત કરી હતી અને તાલુકાની સમિતિમાં ધારાસભ્યો, તાલુકાના પ્રમુખો, ગુજરાત પેટર્નના સભ્યો તથા અધિકારીઓની હાજરીમાં મળતી હોય છે અને જિલ્લા કક્ષાએ આ કામોને મંજુર કરી બહાલી આપવામાં આવે છે. આ જિલ્લા કક્ષાની મીટીંગમાં પણ ધારાસભ્યો ઉપસ્થિત હોય છે, ૫ થી ૧૦ ટકા કામો ફેરફાર સાથે મંજુરી બહાલી આપી હતી.

પરંતુ આપને મારે દુઃખ સાથે જણાવવાનુ કે ધારાસભ્ય નાંદોદ ડો.દર્શનાબેન દેશમુખ અને ધારાસભ્ય ડેડીયાપાડા ચૈતરભાઈ વસાવાને રાજી રાખવા ગાંધીનગર સરકારની સુચનાથી ફરી કલેકટરના અધ્યક્ષસ્થાને ગુજરાત પેટર્ન અને એફઆરએ ના કામો બાબતની મીટીંગ ૨૬ સપ્ટેમ્બર ના રોજ બોલાવવામાં આવી હતી. મીટીંગ બોલાવી તેમાં પણ મને વાંધો નથી પરંતુ ધારાસભ્ય કલેકટર કચેરીની સામે ધરણાં કરવાની ધમકી આપે અને તેમના વધારાના કામો મંજુર કરાવે તેની સામે મને વાંધો છે. ધારાસભ્યો ના કહ્યા પ્રમાણે તેમના કામો જો મંજુર કરવામાં આવે તો ગુજરાત પેટર્નના સભ્યો, તાલુકા / જિલ્લા પંચાયતના સભ્યો અને તાલુકા પ્રમુખોએ દરખાસ્ત કરેલા કામોનુ શું થશે ? આપોઆપ તેઓના કામો ઓછા થવાના છે. બહાલી આપેલા કામોમાં કોઈક કારણસર ૫ થી ૧૦ ટકા ફેરફાર કરી શકાય પરંતુ તે તાલુકા કમિટી અથવા જિલ્લા કમિટીને વિશ્વાસમાં લઈને અને જો કામોમાં ફેરફાર કરવો જરૂરી જણાય તો ફરીથી તાલુકા આયોજન કમિટી પાસેથી નવી દરખાસ્ત મંગાવો અને તે દરખાસ્ત જિલ્લાએ પ્રભારી મંત્રીના અધ્યક્ષસ્થાને બહાલી આપવી અને આમ કરવાથી ચુંટાયેલા બધા જ પ્રતિનિધિઓના કામોનો સમાવેશ થશે.

આ બંને ધારાસભ્યોની મનમાનીથી જિલ્લાના તમામ તાલુકા પ્રમુખો, જિલ્લા પંચાયતના સભ્યો અને ગુજરાત પેટર્નના સભ્યો સખત નારાજ છે. જે ધ્યાને લાવવાની મારી ફરજ હોવાનુ જણાવી ભાજપા જ ધારાસભ્ય સામે સાંસદે વાંધો ઉઠાવતા ભાજપની છાવણીમાં હડકંપ મચી જવા પામ્યો છે.

# જોખમી સગર્ભા માતાઓ માટે ગુજરાત સરકારે કરેલો મહત્વપૂર્ણ નિર્ણયઃ જિલ્લા હોસ્પીટલમાં પ્રસુતિ કરાવવાથી મળશે રૂ.૧૫ હજાર



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારે રાજયમાં માતા અને બાળકના સ્વાસ્થ્યને સુધારવાના ઉદેશથી એક નવો સુધારા ઠરાવ બહાર પાડયો છે. આ સુધારા ઠરાવ મુજબ હવેથી અતિજોખમી અને જોખમી ગર્ભાવસ્થા ધરાવતી માતાઓને જિલ્લા હોસ્પીટલ અથવા મેડીકલ કોલેજ હોસ્પીટલમાં પ્રસુતિ કરાવવા અને ૭ દિવસના રોકાણ માટે રૂપીયા ૧૫ હજારની પ્રોત્સાહક રકમ એક સાથે ચુકવવામાં આવશે. આ યોજનાનો મુખ્ય હેતુ જોખમી ગર્ભાવસ્તા ધરાવતી માતાઓને યોગ્ય તબીબી દેખરેખ હેઠળ સુરક્ષિત પ્રસુતિ સુનિશ્ચિત કરવાનો છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા અનુસાર કોઈપણ પ્રદેશના આરોગ્યની સ્થિતિ જાણવા માટે અમુક મુખ્ય સુચક આંકો (હેલ્થ ઈન્ડીકેટર) ગણતરીમાં લેવામાં આવે છે. આ સુચક આંકોમાં માતૃ મૃત્યુદર (એમએમઆર) બાળ મૃત્યુ દર(આઈએમઆર) અને નવજાત શિશુ મૃત્યુ દર (એનએમઆર) મુખ્ય છે. આ યોજના આવા જોખમી કેસને સચોટ અને સમયસર સારવાર પુરી પાડીને આ સુચક આંકો સુધારવામાં મદદ કરશે. જેનાથી ગુજરાતના આરોગ્ય સુચક આંકમાં સુધારો થશે.

યોજનાના મુખ્ય મુદ્દાઓમાં (૧) પ્રોત્સાહક રકમમાં પહેલા રૂપીયા ૫ હજાર અને પછી રૂપીયા ૧૦ હજાર એમ બે તબકકામાં સહાય મળતી હતી હવે પ્રસુતિ બાદ ૭ દિવસના રોકાણ બાદ અથવા હોસ્પીટલમાંથી રજા મળે ત્યારે એક જ અઠવાડીયામાં પુરા રૂપીયા ૧૫ હજાર સીધા લાભાર્થીના બેંક ખાતામાં જમા કરવામાં આવશે. આ લાભ આ યોજનામાં પહેલા ૧૨ લક્ષણો ધરાવતી માતાને લાભ મળતો હતા જે હવેથી કુલ ૧૯ પ્રકારના જોખમી અને અતિજોખમી લક્ષણો ધરાવતી સગર્ભા માતાઓને આવરી લેવામાં આવી છે. આ ૧૯ લક્ષણો પરીશિષ્ટ એ મુજબ નકકી કરવામાં આવી છે. જેમાં (૧) બે વખત ની સગર્ભા તપાસમાં હિમોગ્લોબિન ૬.૫ ગ્રામ કે તેથી ઓછુ હોય (૨) લોહીનુ દબાણ ૧૮૦/૧૧૦ એમએમ ઓફ એચજી કે તેથી વધુ હોય, સાથે પગમાં સોજા અથવા પેશાબમાં પ્રોટીન (૩) સગર્ભા તપાસમાં બોડી મેસ ઈન્ડેક્ષ ૧૭ કરતા ઓછો હોય (૪) ૬ માસની સગર્ભા અવસ્થા બાદ ૪૨ કિલો થી ઓછુ વજન (૫) ડીલીવરી સમયે ગર્ભ ની નીચે જ ગર્ભની પોષકનાળ હોય (૬) સીકલસેલ રોગ , થેલેસેમીયા અથવા હીમોફીલીયા (૭) ટીબીના ગંભીર કેસમાં જેમાં પ્રથમ સારવાર અસરકારક ન હોય (૮) ગર્ભમાં ૩ કે તેથી વધુ બાળકો હોય (૯) અગાઉ બે સીજેરીયન પ્રસુતિ કરાવેલી હોય (૧૦) કીડનીનો ક્રોનિક રોગ હોય (૧૧) હૃદયના વાલ્વનુ બદલાવ અથવા સમારકામનો પાછલો ઈતિહાસ હોય (૧૨) બે વખતની સગર્ભા તપાસમાં હિમોગ્લોબિન ૬.૫ થી ૭ ગ્રામ (૧૪) સગર્ભા અવસ્થા દરમિયાન મધુપ્રેમહ (ડાયાબીટીસ) (૧૫) અગાઉ ૩ વખત ગર્ભ ધારણ કરેલો હોય અને આ ચોથી ડીલીવરી હોય (૧૬) દુષિતતા અથવા અવરોધિત પ્રસુતિનો પાછલો ઈતિહાસ (૧૭) ૪૫ વરસથી વધુ ઉંમર હોય (૧૮) એઈડસ હોય (૧૯) સિસ્ટમિક લુપ્સ એરીથમેટોસસ

જો ઉપર મુજબના કોઈપણ લક્ષણ જોવા મળે તો તાત્કાલીક નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરો અને જિલ્લા કક્ષાની હોસ્પીટલોમાં પ્રસુતિ કરાવો આનાથી માતા અને બાળક બંનેની સુરક્ષા સુનિશ્ચિત થશે.

રાજય સરકારના આ પ્રયાસોમાં આશા બહેનો પાયાના કર્મચારીઓ તરીકે ખુબ જ મહત્વપૂર્ણ ભુમિકા ભજવે છે તેઓ જોખમી સગર્ભા માતાઓને ઓળખીને તેમને સરકારી હોસ્પીટલ સુધી પહોચાડીને અને ૭ દિવસ સુધી તેમની કાળજી પુરી પાડે છે. જોખમી માતાઓની સાથે એકલા જવા માટે આશા બહેનોએ પોતાના ઘર / પરીવાર અને રોજગાર છોડીને જવુ પડે છે. આશા બહેનોએ સરકાર સમક્ષ રજુઆત કરી છે કે આ માટે તેમને કોઈપણ પ્રકારનુ પ્રોત્સાહન મળતુ નથી. તેમની માંગણી છે કે જોખમી માતાની સાથે જવા બદલ તેમને પણ લાભાર્થીની જેમ જ રૂપીયા ૫ હજારનુ પ્રોત્સાહન મળવુ જોઈએ. તેમની આ માંગણી વ્યાજબી છે કારણ કે આશા બહેનોના સહકાર વિના આ યોજનાની સફળતા શકય નથી. આશા બહેનોની માંગણી પર સરકાર વિચારણા કરે અને તેમને યોગ્ય સહાય પુરી પાડે તે આવશ્યક છે. આનાથી તેમનુ મનોબળ વધશે અને તેઓ વધુ ઉત્સાહપૂર્વક કામ કરી શકશે.

# નવસારી અને વલસાડ જિલ્લામાં વાવાઝોડાએ મચાવી તબાહી : નવરાત્રી ડોમ સહિત વાવાઝોડામાં ઉડયા




પ્રતિનિધિ,ગાંધીનગર

દક્ષિણ ગુજરાતના નવસારી અને વલસાડ જિલ્લાઓમાં ગઈ કાલે મોડી રાત્રે વાવાઝોડાએ ભારે તબાહી મચાવી હતી. ધોધમાર વરસાદ અને વાવાઝોડાને કારણે અનેક ગામોમાં વિશાળ તારાજી સર્જાઈ છે.

નવરાત્રીના ઉત્સવ વચ્ચે આ કુદરતી આપત્તિએ ખેલૈયાઓની મજા પણ બગાડી નાખી છે. આગાહીકાર અંબાલાલ પટેલે અગાઉ પણ આ અંગે આગાહી કરી હતી કે આ વખતની નવરાત્રીમાં વરસાદ ખેલૈયાઓના રંગ માં ભંગ પાડશે. ભારે પવન અને વરસાદે નવરાત્રીના આયોજનોને કર્યો ધ્વસ્ત, વલસાડ અને નવસારી જિલ્લાના અનેક વિસ્તારોમાં વીજ વ્યવસ્થામાં ખલેલ અને જાહેર તેમજ ખાનગી મિલ્કતોને નુકશાન પહોચાડયુ હતું. નવરાત્રીના મંડપો અને ડોમો ધારાશાયી થયા હતા. નાસ્તાના સ્ટોલ, લાઈટીંગ અને શેડસ પણ તુટી પડયા હતા. જેના કારણે વાહનોને પણ નુકશાન પહોચ્યુ હતું. ગોકુલગૃપ અને અનાવીલ સમાજના આયોજીત નવરાત્રી મહોત્સવમાં ડોમ ઉડી જતા એક યુવકને ઈજા પહોચી હતી. જયારે ઘણા સ્થળોએ ગરબાના મેદાનમાં પાણી ભરાઈ ગયા હતા. વિજળીના થાંભલા તુટતા વીજ પુરવઠો ખોરવાયો હતો.

વાવાઝોડાને કારણે અનેક વિસ્તારોમાં વિજળીના થાંભલા તુટી પડતા વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. ધનભુરા રોડ અને આરપીએફ ગ્રાઉન્ડ નજીક વૃક્ષો ધારાશાયી થયા હતા અને સીવીલ હોસ્પીટલના પાર્કિંગમાં રહેલી બાઈકને નુકશાન થયુ હતું.

રોડ રસ્તા પર વીજીબીલીટી ઘટી ગઈ હતી. જેના કારણે વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. વહિવટી તંત્ર અને ડીઝાસ્ટર ટીમો આ ઘટનાની જાણ થતા જ સ્થાનિક વહિવટી તંત્ર, ડીઝાસ્ટર મેનેજમેન્ટ ટીમો, ફાયર વિભાગ અને મામલતદારની ટીમે અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોચી રાહત કામગીરી હાથ ધરી હતી. વાહનો દુર કરવા, વૃક્ષો કાપવા અને વિજળી પુનઃ સ્થાપિત કરવા માટે કામગીરી રાત્રીભર ચાલી રહી હતી.

ચીખલીમાં અનાજ પલળી ગયુ હતુ. જેને લઈ દિવાળીના અનાજ વિતરણમાં વિલંબ થશે ? ચીખલી તાલુકામાં આવેલા સરકારી અનાજના ગોડાઉનમાં શેડના પતરા ઉડી જતા દિવાલ ધારાશાયી થઈ ગઈ હતી. પરીણામે અંદાજે ૨૭૭ ટન જેટલા ઘઉ અને ચોખા પલળી ગયા હતા. જેના કારણે દિવાળીના અનાજ વિતરણમાં વિલંબ થવાની શકયતા છે.

# અમદાવાદ સહિત અન્ય શહેરોમાં હવા અને પાણીનુ પ્રદુષણ વકર્યુ

**૯૫૭ કરોડનો ધૂમાડો છતાં ગુજરાતમાં હવા-પાણી પ્રદૂષિત**

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાતમાં ઔદ્યોગિકીકરણ અને વધતાં જતા વાહનો કારણે પ્રદુષણની સમસ્યા વધુને વધુ ઘેરી બની રહી છે. પર્યાવરણની દુહાઈ દેવામાં આવી રહી છે ત્યારે અમદાવાદ સહિત અન્ય શહેરોમાં હવા-પાણીનુ પ્રદુષણ વકર્યુ છે. લોકસભામાં રજૂ કરાયેલાં રિપોર્ટ મુજબ, છેલ્લાં પાંચેક વર્ષમાં કુલ મળીને રૂા. ૯૫૭ કરોડનો ધુમાડો કરાયો છે છતાં પણ ગુજરાતમાં પ્રદુષણને કાબૂમાં લઈ શકાયુ નથી. પર્યાવરણવિદોએ તો ચિંતા વ્યક્ત કરી છેકે, જો આ પરિસ્થિતીમાં સુધારો નહી આવે તો દિલ્હી-હરિયાણા જેવી દશા થાય તે દિવસો હવે દૂર નથી.

ઔદ્યોગિક વિકાસની આંધળી દોટમાં જાણે પ્રદુષણ પ્રત્યે આંખ આડા કાન કરવામાં આવી રહ્યાં છે. આજે અમદાવાદ જેવી મેટ્રોસિટીમાં એર ક્વોલિટી ઈન્ડકેસ વધતો જઈ રહ્યો છે જે ચિંતાનો વિષય બન્યો છે. ઉદ્યોગો-કારખાના ઉપરાંત વાહનોના ધુમાડાને કારણે હવામાં ઝેરી રજકણોનું સ્તર વધી રહ્યુ છે.આ કારણોસર અમદાવાદમાં વટવા. રખિયાલ, નરોડા જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં હવાનું પ્રદુષણ ચિંતાજનકહદે રહ્યુ છે. આ વિસ્તારમાં મોડી રાત્રે કેમિકલની એટલી વાસ આવે છે કે લોકોને કેટલીક વાર તો નાક પર કપડું રાખીને બહાર નીકળવું પડે. ચામડીના રોગી વધ્યાં છે. સ્થાનિક લોકો તો હવે જાણે વાયુ પ્રદૂષણથી ટેવાઈ ગયા છે. વર્ષોથી ચાલતી આ ગંભીર સમસ્યા સામે સરકાર દ્વારા કોઈ ઠોસ પગલાં લેવામાં આવી રહ્યા નથી. પ્રદુષણ નિયંત્રણ બોર્ડના વર્ષ ૨૦૨૪-૨૫ના અહેવાલ મુજબ, અમદાવાદમાં નવરાત્રિ દરમિયાન ધ્વનિ પ્રદુષણ વધ્યુ છે જેમકે, અમદાવાદ પૂર્વમાં વધુમાં વધુ ૧૦૩ ડેસિબલ અને અમદાવાદ પશ્ચિમમાં ૮૫.૮૦ ડેસિબલ અવાજનો ઘોંઘાટ રહ્યો છે. આ સ્થિતિ મનુષ્યની શ્રવણશક્તિને ખૂબ નુકસાન પહોંચાડે છે. આ ઉપરાંત દિવાળીના સમયગાળા દરમિયાન અમદાવાદ શહેરમાં હવામાં પીએમ-૧૦નુ પ્રમાણ ૧૬૫ અને પીએમ ૨.૫ પ્રમાણે ૩૮.૩૩ સુધી પહોંચે છે. જ્યારે અમદાવાદ ગ્રામ્યમાં તો હવામાં પીએમ-૧૦નુ પ્રમાણ ૧૯૭ અન પીએમ ૨.૫નું પ્રમાણ ૯૪ સુધી પહોંચી જાય છે. આમ, ધ્વનિ-હવાના પ્રદુષણમાં નોંધપાત્ર વધારો થયો છે.

હવાની ગુણવત્તામાં સુધારો થાય તે માટે છેલ્લાં પાંચેક વર્ષમાં કેન્દ્ર સરકારે ગુજરાતને રૂ. ૧૨૮૨ કરોડ નાણાકીય સહાય આપી હતી તે પૈકી રૂ. ૯૫૭ કરોડનો ખર્ચ કરાયો હતો. છતાંય પ્રદુષણમાં ઝાઝો સુધારો થઈ શક્યો નથી. આજે પણ ગુજરાતની નદીઓ પ્રદુષિત છે, ૧૦થી વધુ જીલ્લાઓમાં ભૂગર્ભજળ પીવાલાયક રહ્યું નથી. સ્થિતી દિન-પ્રતિદિન ગંભીર બની રહી છે તેમ છતાંય ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ પ્રદુષણને કાબૂમા લેવામાં સદંતર નિષ્ફળ રહ્યુ છે. મહત્વની વાત તો એ છે કે, રૂ. ૩૨૫ કરોડની ગ્રાન્ટ તો વણવપરાયેલી પડી રહી છે. સરકારે અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ભલે દાવો કરે કે, ગુજરાતમાં હવા-પાણીના પ્રદુષણમાં સુધારો થયો છે પણ વાસ્તવમાં સ્થિતિમાં કોઈ ખાસ સુધારો જોવા મળ્યો નથી.

# દેશના તમામ રાજયોની બારકાઉન્સિલની ચુંટણી તાકીદે યોજવા સુપ્રિમ કોર્ટનો આદેશ



પ્રતિનિધિ,ગાંધીનગર

સમગ્ર દેશમાં વિવિધ સ્ટેટ બાર કાઉન્સિલોની ચુંટણી નહી યોજાઈ હોવાના મામલે સુપ્રિમ કોર્ટે ગંભીરતાથી લઈ દેશના તમામ રાજયોની સ્ટેટ બાર કાઉન્સિલોની ચુંટણી તા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં યોજવાનો આદેશ જારી કર્યો હતો. સુપ્રિમ કોર્ટના જસ્ટિસ સુર્યકાંત, જસ્ટિસ ઉજજલ ભુયાન અને જસ્ટિસ એન કોટીશ્વરસિંહની બેન્ચે એ પણ સ્પષ્ટ કર્યુ હતુ કે જો સ્ટેટ બાર કાઉન્સિલોની ચુંટણી એક સાથે નહી તો તબકકાવાર પણ આ તારીખ સુધીની નિયત સમય મર્યાદામાં યોજી દેવાની રહેશે. સુપ્રિમ કોર્ટે એવી પણ ટકોર કરી હતી કે દેશમાં ભુતિયા વકીલોને શોધવાના ભાગરૂપે વકીલોની ચાલી રહેલી વેરીફીકેશનની પ્રક્રિયાના ઓઠા હેઠળ સ્ટેટ બાર કાઉન્સિલોની ચુંટણીઓ અનિશ્ચિત સમય સુધી મુલત્વી રાખી શકાય નહી. કેસની સુનાવણી દરમિયાન સુપ્રિમ કોર્ટના ધ્યાન પર એ હકીકત મુકાઈ હતી કે વકીલોની વેરીફીકેશનની પ્રક્રિયા દરમિયાન નકલી મતદારો (ભુતિયા વકીલો) આ આંકડા સામે આવ્યા છે. જેથી બેન્ચે ખેદ વ્યકત કરતા ટકોર કરી હતી કે માત્ર એલએલબી ની નકલી ડીગ્રી ધરાવતા મતદારો જ નહી પરંતુ કયારેક ખુંખાર ગુન્હેગારો પણ વકીલોના વેશમાં આવે છે અને હિંસાકીય પ્રવૃત્તિઓ આચરે છે. સુપ્રિમ કોર્ટના ૩ જસ્ટિસની બેન્ચે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયા સર્ટીફીકેટ એન્ડ પ્લેસ ઓફ પ્રેકટીસ (વેરીફીકેશન) રૂલ્સ ૨૦૧૫ ના નિયમ ૩૨ ને રદ કરવા માંગણી કરતી પીટીશનની સુનાવણી કરી રહી હતી. એ દરમિયાન આ હુકમ કર્યો હતો. કેસની સુનાવણી દરમિયાન અરજદાર પક્ષ તરફથી સુપ્રિમ કોર્ટનુ ધ્યાન દોરાયુ હતું કે દેશના મોટાભાગના રાજયોમાં સ્ટેટ બાર કાઉન્સિલની ચુંટણી બે વરસ ઉપરાંતના સમયથી યોજાઈ જ નથી. સુપ્રિમ કોર્ટે આ કેસમાં બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયા પાસેથી જવાબ માંગ્યો હતો. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયા તરફથી અદાલતને માહિતી અપાઈ હતી કે તમામ સ્ટેટ બાર કાઉન્સિલોને પત્ર લખી ચુંટણી યોજવાની તૈયારીના પગલા લેવા વહેલી તકે નકકી કરવા જણાવાયુ છે. તો જયાં સુધી દેશભરમાં વકીલોના વેરીફીકેશનની વાત છે તો એમાં લગભગ ૫૦ ટકા જેટલી પ્રક્રિયા પુરી થઈ ગઈ છે.